**આજનો સુવિચાર**

અનુમાન આપણા મનની કલ્પના છે, અને અનુભવ આપણા જીવનનો પાઠ છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

વર્ષ : ૪૯ અંક : ૦૧ જૂનાગઢ તા.૧૨-૧૨-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 01, Junagadh : Date : 12 December, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay



ગુજરાત સરકાર

2 વર્ષ
સેવા, સંકલ્પ અને સમર્પણના


## માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં

# 2 વર્ષ સેવા, સંકલ્પ અને સમર્પણના



"આજે ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે, 2047 માં વિકસિત ભારતના નિર્માણમાં ગુજરાતનું યોગદાન અભૂતપૂર્વ રહેશે."

**શ્રી નરેન્દ્રભાઈ મોદી**
માનનીય વડાપ્રધાન



"વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 2047 સુધીના અમૃતકાળને કર્તવ્યકાળ ગણાવ્યો છે. આપણે સહુ કર્તવ્યકાળમાં વિકસિત ગુજરાતના નિર્માણથી વિકસિત ભારતના નિર્માણ માટે કટિબદ્ધ થઈએ."

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં
# 2 વર્ષ સેવા, સંકલ્પ અને સમર્પણના

## નીતિ-નિર્ધારણના બે વર્ષ

1) ખરીદ નીતિ-2024
2) ગુજરાત ટેક્સટાઇલ પોલિસી-2024
3) કુટીર અને ગ્રામોધોગ નીતિ-2024
4) નારી ગૌરવ નીતિ-2024
5) ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી-2023
6) સેમિકંડક્ટર પોલિસી
7) નવી IT/ITes પોલિસી
8) ગ્રીન-હાઇડ્રોજન પોલિસી

## સુશાસનના બે વર્ષ

- ગુજરાતનું અત્યાર સુધીનું ₹3 લાખ 32 હજાર કરોડનું સૌથી મોટું બજેટ.
- કેન્દ્રના નીતિ આયોગની પેટર્ન પર રાજ્યમાં ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT) ની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થા રાજ્યની વિકાસ વ્યૂહરચનાઓને આગળ ધપાવશે.
- રાજ્યમાં શહેરીકરણ સુદ્રઢ થાય તે માટે નવી 9 મહાનગરપાલિકા અને 1 નગરપાલિકાની રચના થશે
- 2 લાખ 82 હજાર ઘર પર સોલાર પેનલ, ઊર્જા સુરક્ષામાં ગુજરાત દેશમાં અગ્રેસર
- પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસ નિર્માણમાં ગુજરાત દેશમાં અગ્રેસર
- PMJAY-MA હેઠળ મળતી સહાય બમણી, હવે ₹10 લાખ સુધીની સારવાર નિ:શુલ્ક
- ભ્રષ્ટ અને ગુનાહિત પ્રવૃત્તિઓ દ્વારા મેળવેલી સંપત્તિઓને જપ્ત કરવા માટે ગુજરાત સ્પેશિયલ કોર્ટ્સ એક્ટ, 2024 અમલી
- સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ પ્રાથમિક શાળાના 41 લાખ વિદ્યાર્થીઓને પૌષ્ટિક અલ્પાહાર આપવા માટે 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના'નો આરંભ
- યુવાનોના ઇનોવેટિવ વિચારોને ગુડ ગવર્નન્સમાં સાંકળવાની દિશામાં "સરદાર પટેલ ગુડ ગવર્નન્સ ફેલોશીપની" શરૂઆત કરી.
- ગુજરાતમાં 'એક પેડ મા કે નામ' અંતર્ગત 17 કરોડ 19 લાખથી વધુ વૃક્ષોનું વાવેતર.
- ભારત સરકારના DPIIT અનુસાર, ગત વર્ષની સરખામણીએ $2.6બિલિયન વધુ FDI મેળવીને નાણાકીય વર્ષ 2024માં $7.3 બિલિયન FDI પ્રાપ્ત કર્યું
- પીએમ સૂર્યઘર મુક્ત બીજલી યોજના અંતર્ગત માત્ર 7 મહિનામાં 1,59,338 લાભાર્થીઓને લાભ
- વિશ્વના સૌથી મોટા 37 ગીગાવૉટના હાઇબ્રિડ રિન્યૂએબલ પાર્કનું નિર્માણકાર્ય પ્રગતિ હેઠળ
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા અમદાવાદ મેટ્રો ફેઝ -2નું લોકાર્પણ

## ખુશહાલ ખેડૂતના બે વર્ષ

- 'કિસાન સૂર્યોદય યોજના' હેઠળ રાજ્યના 13,730 એટલે કે 76% ગામડાઓમાં ખેડૂતોને દિવસે વીજળી
- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ 56 લાખથી વધુ ખેડૂતોને ₹6,300 કરોડથી વધુ રકમની સહાય.
- 20 લાખથી વધુ ખેડૂતોને પાક-ધિરાણ પર ₹2900 કરોડથી વધુની વ્યાજ સહાય
- ₹2800 કરોડથી વધુના મૂલ્યની વિવિધ કૃષિ પેદાશોની ટેકાના ભાવે ખરીદી
- 9.85 લાખ ખેડૂતો સક્રિય રીતે પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયા, રાજ્યના 53 લાખથી વધુ ખેડૂતોને તાલીમ

## દીકરીઓ અને મહિલાઓના સર્વાંગી વિકાસના બે વર્ષ

- રાજ્યની દીકરીઓ વધુ ભણે અને આગળ વધે તે માટે શરૂ કરાયેલી 'નમો લક્ષ્મી' યોજના દ્વારા લગભગ 10 લાખ વિદ્યાર્થિનીઓને ₹138 કરોડથી વધુની સહાય ચૂકવાઇ.
- વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં ભણવા પ્રેરાય તે માટે શરૂ કરાયેલી 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' અંતર્ગત 2.5 લાખથી વધુ વિદ્યાર્થીઓને ₹28 કરોડથી વધુની સહાય ચૂકવાઇ
- નમો શ્રી યોજના હેઠળ ગર્ભવતી મહિલાઓને ₹12 હજાર રૂપિયાની આર્થિક સહાય આપવાની યોજના દ્વારા 1.45 લાખ લાભાર્થીઓને સહાય
- સૌપ્રથમવાર જેન્ડર બજેટ ₹1 લાખ કરોડને પાર, 200 વધુ યોજનાઓ માત્ર મહિલાલક્ષી

## ગરીબ કલ્યાણના બે વર્ષ

- 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' હેઠળ 2 કરોડ 68 લાખ લોકોને ભોજન વિતરણ.
- 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' હેઠળ 72 લાખથી વધુ NFSA કાર્ડધારક પરિવારોને અનાજ વિતરણ
- શ્રમિક બસેરા યોજનાની શરૂઆત, આગામી ત્રણ વર્ષમાં ₹1500 કરોડના ખર્ચે 3 લાખ બાંધકામ શ્રમિકો માટે શ્રમિક બસેરાના નિર્માણનું આયોજન.
- 'વનબંધુ કલ્યાણ યોજના 2.0' અંતર્ગત છેલ્લા બે વર્ષમાં ₹2500 કરોડથી વધુનો ખર્ચ
- ભગવાન બીરસા મુંડાની 150મી જન્મ જયંતિની 'જનજાતિય ગૌરવ વર્ષ' તરીકે ભવ્ય ઉજવણી

## યુવા વિકાસના બે વર્ષ

- દેશમાં 'એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ સ્ટેટિસ્ટિક્સ–2023' અનુસાર યુવાનોને રોજગારી આપવામાં ગુજરાત દેશમાં પ્રથમ
- ભારત સરકારના સ્ટાર્ટઅપ રેન્કિંગમાં સતત ચાર વખત દેશમાં ગુજરાત મોખરે
- રાજ્યના 21 જિલ્લાઓના 50 તાલુકાઓમાં સરકારી પુસ્તકાલયો શરૂ કરવાનો ઐતિહાસિક નિર્ણય
- 2023- દેશમાં સૌપ્રથમ સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ કોન્ક્લેવનું આયોજન.

## ગૌરવવંતી સિદ્ધિઓના બે વર્ષ

- વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના 10મા સંસ્કરણનું સફળતાપૂર્વક આયોજન. ₹45 લાખ કરોડથી વધુના 98,000 થી વધુ MoU થયા.
- ગુજરાતમાં 17 G-20 મિટિંગનું સફળતાપૂર્વક આયોજન
- UN એજન્સી વર્લ્ડ ટુરિઝ્મ ઓર્ગેનાઇઝેશન (UNWTO) દ્વારા ધોરડોનો વિશ્વના શ્રેષ્ઠ ટુરિઝ્મ વિલેજની યાદીમાં સમાવેશ
- યુનેસ્કોએ ગુજરાતના ગરબાને 'અમૂર્ત સાંસ્કૃતિક વારસો' જાહેર કર્યો
- કચ્છના સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ મ્યુઝિયમને વિશ્વના 3 સૌથી સુંદર મ્યુઝિયમની યાદીમાં સ્થાન
- 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ' રેન્કિંગમાં રાષ્ટ્રીય સ્તરે ગુજરાત 'ટોપ અચીવર' સ્ટેટ.
- સ્વામિત્વ યોજના અંતર્ગત 11 લાખ 50 હજારથી વધુ પ્રોપર્ટી-કાર્ડનું વિતરણ, આ યોજનાના બીજા તબક્કામાં સમગ્ર દેશમાં ગુજરાત અગ્રેસર

### વિકસિત ભારત માટે 'વિકસિત ગુજરાત @ 2047' રોડમેપ દ્વારા વિકાસનું નક્કર આયોજન





2 વર્ષ
સેવા, સંકલ્પ અને સમર્પણના

# એશિયન ડેવલોપમેન્ટ બેંકે ભારતનો વિકાસદર અંદાજ ઘટાડયો : મોંઘવારી વધશે

નવી દિલ્હી તા.૧૨ : એશિયન ડેલવપમેન્ટ બેંકે ભારતનો જીડીપી ૭ ટકાથી ઘટીને ૬.૫ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો હતો. ઉપરાંત બેંકે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ભારતના વૃદ્ધિ દરનો અંદાજ ૭.૨ ટકાથી ઘટાડીને ૭ ટકા કરી દીધો છે. એશિયન વિકાસ પરિદ્રશ્ય (એડીઓ)ના જાહેર થયેલા રિપોર્ટ પ્રમાણે, અમેરિકન વેપાર, રાજકોષીય તથા નીતિમાં પરિવર્તનથી એશિયા અને પ્રશાંત વિસ્તારનો વિકાસ પ્રભાવિત થઈ શકે છે. તેમજ મોંઘવારી પણ વધી શકે છે.

રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે એશિયા અને પ્રશાંત વિસ્તારનું અર્થતંત્ર ૨૦૨૪માં ૪.૯ ટકાના દરેથી વધવાનો અંદાજ છે. આ આંકડો એડીબીના સપ્ટેમ્બરના પાંચ ટકાના અંદાજથી થોડો ઓછો છે. એડીબીએ કહ્યું, ખાનગી રોકાણ અને આવાસ માંગમાં અપેક્ષાથી ઓછી વૃદ્ધિથી ભારતનો વિકાસ દર ચાલુ નાણાકીય વર્ષમાં ૬.૫ ટકા રહેવાનો અંદાજ છે. પહેલા ભારતીય અર્થતંત્ર ૭ ટકાના દરથી વધવાનો અંદાજ હતો. એડીબીએ આગામી વર્ષ માટે વૃદ્ધિ દરનો અંદાજ ૭.૨ ટકાથી ઘટાડીને ૭ ટકા કરી દીધો છે.

# ગત રાત્રે ઈન્સ્ટાગ્રામ, ફેસબુક, વોટસએપના સર્વર ડાઉન : યુઝર્સને ભારે મુશ્કેલી પડી

નવી દિલ્હી તા.૧૨ વિશ્વભરમાં મેટાનું સર્વર અચાનક ડાઉન થઈ જવાથી મેસેજિંગ પ્લેટફોર્મ વ્હોટ્સ એપ, ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક યુઝર્સ મોટા પાયે આઉટેજનો સામનો કરી રહ્યા છે. યુઝર્સને વ્હોટ્સ એપ પર મેસેજ મોકલવા કે પ્રાપ્ત કરવામાં મુશ્કેલી આવી રહી છે. આ રીતે ઈન્સ્ટા અને ફેસબુક પર ફીડ અપલોડ થવામાં પણ મુશ્કેલી આવી હતી. જોકે મોડી રાત્રે સર્વરની કામગીરી સામાન્ય થતા તમામ સોશિયલ મીડિયા પુનઃકાર્યરત થયા હતા.

દુનિયાભરમાં મેટાનું સર્વર ડાઉન થવાથી મેસેજિંગ પ્લેટફોર્મ વ્હોટ્સ એપ, ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને થ્રેડ યુઝર્સને મોટા પાયે આઉટેજનો સામનો કરવો પડ્યો. ભારતમાં બુધવારે રાતે ૧૧ વાગ્યા આસપાસ યુઝર્સે મેટા પ્લેટફોર્મના આઉટેજને લઈને ફરિયાદો કરવાનું શરૂ કરી દીધું હતું. યુઝર્સને વ્હોટ્સ એપ પર મેસેજ મોકલવા કે મેળવવામાં મુશ્કેલી આવી રહી હતી. ઉલ્લેખનીય છે કે વ્હોટ્સ એપ ઉપરાંત, ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને થ્રેડની માલિકી પણ મેટા પાસે છે. આ ચારેય લોકપ્રિય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સના યુઝર્સને મુશ્કેલી પડી હતી.

# એલન મસ્કે ઈતિહાસ રચી દીધો : ૪૦૦ અબજ ડોલરની સંપત્તિ ધરાવનાર વિશ્વના પ્રથમ વ્યક્તિ બન્યા



નવી દિલ્હી, તા.૧૨: બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, સ્પેસએક્સના ઈનસાઈડર ટ્રેડિંગ વેચાણને કારણે એલોન મસ્કની નેટવર્થમાં અચાનક ૫૦ અબજ ડોલરનો વધારો થયો છે. જેના કારણે તેમની કુલ નેટવર્થ વધીને ૪૩૯ બિલિયન ડોલરથી વધુ થઈ ગઈ છે.

એલોન મસ્ક વિશ્વના પ્રથમ વ્યક્તિ બન્યા છે જેમની કુલ નેટવર્થ ૪૦૦ બિલિયન છે. આજ સુધી આવો ઈતિહાસ કોઈએ રચ્યો નથી. બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, સ્પેસએક્સના ઈનસાઈડર ટ્રેડિંગ વેચાણને કારણે એલોન મસ્કની નેટવર્થમાં અચાનક ૫૦ અબજ ડોલરનો વધારો થયો છે. જેના કારણે તેમની કુલ નેટવર્થ વધીને ૪૩૯ બિલિયન ડોલરથી વધુ થઈ ગઈ છે. ખાસ વાત એ છે કે ડોનાલ્ડ ટ્રમ્પની જીત બાદ એલોન મસ્કની નેટવર્થમાં ૧૭૫ અબજ ડોલરનો વધારો થયો છે.

# કાશ્મીર ખીણમાં માઈનસ ૯ ડીગ્રી તાપમાન : દિલ્હીમાં કોલ્ડવેવ : છેલ્લા ૨૮ વર્ષનો ઠંડીનો રેકોર્ડ તુટયો

નવી દિલ્હી તા.૧૨ હિમાલય પર્વતમાળાના રાજ્યોમાં ભારે બરફવર્ષા થઈ રહી છે. જમ્મુકાશ્મીર, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશમાં ભારે બરફવર્ષાને કારણે પારો શૂન્યની નીચે ઉતરી ગયો છે. કાશ્મીર ખીણ વિસ્તારના સોનમર્ગમાં માઈનસ ૯ ડીગ્રી તાપમાન નોંધાયું છે. જ્યારે શિમલા, લાહોલ સ્પીતી, કુલુ મનાલી ખાતે પણ પારો શૂન્યની નીચે ઉતરી ગયો છે.

શિયાળાના આગમન બાદ દેશના અનેક રાજયોમાં કાતિલ ઠંડીનો દોર શરૂ થયો છે. પાટનગર દિલ્હીમાં ૨૫ વર્ષ બાદ કોલ્ડવેવની હાલત વ્હેલી આવી છે. તાપમાનનો પારો ૩.૮ ડીગ્રીએ નીચે ઉતરી જતા પાટનગરવાસીઓ ઠુઠવાયા હતા.

કાશ્મીર, હિમાચલ તથા ઉતરાખંડ જેવા પર્વતીય રાજયોમાં હિમવર્ષાને પગલે દિલ્હી સહિત ઉતર ભારતમાં કાતિલ ઠંડીનો દોર રહ્યો છે. પાટનગર દિલ્હીમાં તાપમાન ૩.૮ ડીગ્રીએ સરકી ગયુ હતુ. જયારે સફદરગંજમાં ન્યુનતમ તાપમાન ૪.૯ ડીગ્રી નોંધાયુ હતુ. હવામાન વિભાગ દ્વારા બે દિવસ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે અને ન્યુનતમ તાપમાન ૪થી૬ ડીગ્રીની રેન્જમાં રહેવાની આગાહી કરવામાં આવી છે.

# આપઘાત કરનારા ૧૦ માંથી ૭ પુરૂષ : પ્રતિવર્ષ વિશ્વમાં ૭ લાખથી વધુ લોકો આત્મહત્યા કરે છે

નવી દિલ્હી, તા.૧૨: વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના જણાવ્યા મુજબ, વિશ્વભરમાં દર વર્ષે ૭ લાખથી વધુ લોકો આત્મહત્યા કરે છે. આત્મહત્યા એ વિશ્વભરમાં મૃત્યુનું ત્રીજું મુખ્ય કારણ છે. ભારતમાં આત્મહત્યા કરનારા લોકોની સંખ્યા દર વર્ષે વધી રહી છે. અને આપણે એનસીઆરબીના ડેટા પર નજર કરીએ તો જાણવા મળે છે કે આત્મહત્યા કરનારા પુરુષોની સંખ્યા મહિલાઓ કરતા ઘણી વધારે છે. ભારતમાં થઈ રહેલી દર ૧૦ આત્મહત્યામાંથી ૭ પુરૂષ હોય છે.

૨૦01 થી ૨૦૨૨ દરમિયાનના ડેટા પર નજર કરીએ તો દર વર્ષે આત્મહત્યા કરતી મહિલાઓની સંખ્યા ૪૦ થી ૪૮ હજારની વચ્ચે હતી. જ્યારે આ જ સમયગાળા દરમિયાન આત્મહત્યા કરનારા પુરુષોની સંખ્યા ૬૬ હજારથી વધીને ૧ લાખને પાર થઈ ગઈ હતી. જોકે, માત્ર ભારતમાં જ નહીં વિશ્વભરમાં મહિલાઓ કરતા પુરૂષો વધારે આત્મહત્યા કરે છે. વિશ્વમાં દર ૧ લાખ પુરુષોમાંથી ૧૨.૬ આત્મહત્યા કરે છે. તે જ સમયે, દર એક લાખ મહિલાઓમાં આ દર ૫.૪ છે. રિપોર્ટમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે ૩૦થી ૪૫ વર્ષની વયજૂથના લોકોમાં આત્મહત્યા પ્રમાણ વધારે છે. આ પછી, ૧૮ થી ૩૦ અને પછી ૪૫ થી ૬૦ વર્ષની વયના લોકોમાં આત્મહત્યાના વધુ કિસ્સાઓ જોવા મળે છે. આત્મહત્યા કરવાના કારણો વિશે અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં જાણવા મળ્યું હતું કે આત્મહત્યા કરવા પાછળ અલગ-અલગ કારણો હોય છે. હતાશા અને તણાવના કારણે આત્મહત્યા કરવાની વૃત્તિ વધી રહી છે. કેટલીકવાર તબીબી કારણ પણ હોય છે. આ સિવાય જયારે કોઈ વ્યકતિ પાસે તેની સમસ્યામાંથી બહાર નીકળવાનો કોઈ રસ્તો નથી ત્યારે તે આત્મહત્યા પણ કરી લે છે. લોકો માંદગીની ત્રાસીને, કૌટુંબિક વિખવાદને કારણે કે લગ્ન સંબંધિત સમસ્યાઓના કારણે આત્મહત્યા કરે છે.

# બે અબજોપતિઓના મુદ્દે સંસદના બન્ને ગૃહોમાં પ્રતિ મિનિટે રૂા.૨.૫ લાખનો ધુમાડો

નવી દિલ્હી, તા.૧૨: ગૌતમ અદાણી અને અમેરિકાના જ્યોર્જ સોરોસ જેવા બે દિગ્ગજ અબજોપતિના મુદ્દે સરકાર અને વિપક્ષો વચ્ચે જે ઘર્ષણ ચાલી રહયું છે, જે લડાઈ ચાલી રહી છે તેના કારણે સંસદના સમગ્ર શિયાળુસત્રની તમામ કામગીરી ખોરવાઈ ગઈ છે. એટલું જ નહીં, આ બે અબજોપતિઓની ચર્ચામાં દર મિનિટે કરદાતાના અંદાજે ૨.૫ લાખનો ધુમાડો થઈ રહયો છે.

શિયાળુ સત્રને પુરૂં થવામાં હવે ફક્ત ૯ દિવસ બાકી રહ્યા જેમાં શનિ-રવિનો પણ સમાવેશ થઈ જાય છે. સત્તાધારી પક્ષ હોય કે વિરોધપક્ષ, તમામ રાજકીય પક્ષોના સાંસદોએ જાણે નક્કી જ કરી રાખ્યું છે કે દેશના કરદાતાઓના પરસેવાની કમાણીથી ભરાયેલા ટેક્સના નાણાંનો ધૂમાડો જ કરી નાંખવો, કેમ કે તેઓ સમગ્ર શિયાળુ સત્ર દરમ્યાન દેશની સામાન્ય પ્રજાના જીવનને સ્પર્શતા એક પણ મુદ્દાને અત્યાર સુધી ચર્ચામાં લીધો નથી.

# ટ્રમ્પની શપથવીધીમાં સામેલ થવા ચીનના રાષ્ટ્રપતિ જીનપીંગને આમંત્રણ અપાયું

વોશિંગ્ટન તા.૧૨ : આગામી તા.૨૦ જાન્યુઆરીના અમેરિકાના પ્રમુખ તરીકે શપથ લઈ રહ્યા છે તો તેમનો શપથવિધિ કાર્યક્રમ અત્યંત ભવ્ય હશે તેવા સંકેત છે અને ડોનાલ્ડ ટ્રમ્પે તેમાં હાજર રહેલા ચીનના રાષ્ટ્રપતિ શી જીનપીંગને આમંત્રણ આપ્યુ છે. એક તરફ તેમના સતાકાળમાં ચીનથી થતી આયાત પર ભારે ટેરીફ લાદવા ટ્રમ્પે જાહેરાત કરી છે. બીજી તરફ તેઓ હાલ ચાલી રહેલા યુદ્ધો અટકાવશે તેવી પણ ખાતરી આપી છે.

તે સમયે ચીન સાથે તેમના સંબંધોમાં આ આમંત્રણ મહત્વનું બની જશે. જો કે ચીનના રાષ્ટ્રપતિએ હજું આ આમંત્રણ સ્વીકાર્યુ છે કે કેમ તે જાહેર થયું નથી પણ સૂત્રોના જણાવ્યા મુજબ ટ્રમ્પ આ શપથવિધિમાં અનેક દેશોના પગલે જેની સાથે ટ્રમ્પને નજીકના સંબંધ છે. તેઓને આમંત્રીત કરી રહ્યા છે.

# મહારાષ્ટ્રમાં ઈવીએમમાં ગોટાળા અંગે વિપક્ષના આક્ષેપોને ચૂંટણીપંચે ફગાવ્યા

## ૧૪૪૦ ઈવીએમની વીવીપેટ સ્લીપોની ગણત્રીમાં બધું જ બરાબર નીકળતા વિપક્ષને ફટકો

મુંબઈ, તા.૧૨: મહારાષ્ટ્ર વિધાનસભાના ચૂંટણી પરિણામોને લઈને વિપક્ષ સતત ઈવીએમ અને ચૂંટણી પંચ પર સવાલો ઉઠાવી રહ્યો છે. જોકે, ચૂંટણી પંચે આરોપોને ફગાવી દીધા છે અને હવે ચૂંટણી પંચે વિપક્ષના આરોપોને પાયાવિહોણા સાબિત કર્યા છે. કમિશને EVMની VVPT સ્લિપને રેન્ડમલી મેચ કરી, જે ૧૦૦ ટકા સાચી નીકળી, એટલે કે કયાંય પણ કોઈ તફાવત જોવા મળ્યો ન હતો. મહારાષ્ટ્રમાં તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધનને જોરદાર જીત મળી છે. આ પછી વિપક્ષી ગઠબંધન મહાવિકાસ આઘાડીએ ઈવીએમમાં ગેરરીતિનો આરોપ લગાવવાનું શરૂ કર્યું. આજે, મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી કમિશનર કાર્યાલયે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રની કુલ ૨૮૮ વિધાનસભા બેઠકોની ૧૪૪૦ VVPT સ્લિપની ગણતરી કરવામાં આવી હતી. EVM અને VVPAT સ્લિપની ગણતરીમાં કોઈ ગેરરીતિ જોવા મળી નથી. આ પરિણામો બાદ મહા વિકાસ આઘાડીના નેતા રાહુલ ગાંધી, શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરે ખૂબ નારાજ થઈ જશે. તેવી રાજકીય વર્તુળોમાં ચર્ચા થઈ રહી છે.

# પ્રતિવર્ષ ધુમ્મસના કારણે અકસ્માતના ૩૦,૦૦૦ બનાવો

નવી દિલ્હી, તા.૧૨ : રાજયસભામાં માર્ગ પરિવહન મંત્રાલયે ગત વર્ષના આંકડા જાહેર કર્યા છે. જેમાં ચાર વર્ષના સરેરાશ આંકડા જોઈએ તો ૩૦ હજાર માર્ગ અકસ્માત શિયાળામાં ધુમ્મસના કારણે થાય છે. રાજ્યસભામાં સવાલ પૂછવામાં આવ્યો હતો કે દર વર્ષે દેશમાં શિયાળામાં પડતી ધુમ્મસના કારણે કેટલી દુર્ઘટનાઓ બને છે, જેના જવાબમાં આ આંકડા આપવામાં આવ્યા હતા. માર્ગ પરિવાહન મંત્રાલયે જણાવ્યું કે, વર્ષ ૨૦૧૯માં ધુમ્મસના કારણે ૩૫,૬૦૨ રોડ અકસ્માત થયા, ત્યારે વર્ષ ૨૦૨૦માં ૨૬,૫૪૧ દુર્ઘટનાઓ નોંધાઈ, વર્ષ ૨૦૨૧માં ૨૮,૯૩૪ દુર્ઘટનાઓ બની, તો વર્ષ ૨૦૨૨માં ધુમ્મસના કારણે ૩૪,૨૬૨ રોડ અકસ્માત સર્જાયા.

# અફઘાનિસ્તાનમાં આત્મઘાતી હુમલો, મંત્રીનું મોત : ૪ અંગરક્ષકો પણ માર્યા ગયા

કાબુલ તા.૧૨ તાલિબાનના શરણાર્થી મંત્રી ખલીલ રહેમાન હક્કાની બુધવારે અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં આત્મઘાતી હુમલામાં માર્યા ગયા હતા. હક્કાની નમાજ માટે બહાર જઈ રહ્યા હતા ત્યારે શરણાર્થી મંત્રાલયમાં આ હુમલો થયો હતો. તેમનાં ચાર અંગરક્ષકોના પણ મોત થયા હતા. હજુ સુધી હુમલાના સમય વિશે માહિતી મળી શકી નથી. ન્યૂઝ એજન્સી રોયટર્સ અનુસાર, ખલીલ હક્કાનીના ભત્રીજા અનસ હક્કાનીએ તેના કાકાના મૃત્યુની પુષ્ટિ કરી છે. અત્યાર સુધી કોઈ જૂથે આ હુમલાની જવાબદારી લીધી નથી. જોકે, કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં આતંકવાદી સંગઠન ISIS-K પર શંકા વ્યક્ત કરવામાં આવી છે.

# ભારતે ખાલીસ્તાનવાદીઓના વીઝા અટકાવ્યા : કડક વલણ

ટોરન્ટો તા.૧૨ : કેનેડા સાથે ચાલી રહેલાં રાજદ્વારી તણાવ વચ્ચે ખાલિસ્તાનીઓએ ભારત પર મોટો આરોપ લગાવ્યો છે. કેનેડાના એક સમાચાર અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતે ખાલિસ્તાનીઓને વિઝા આપવાનો ઈનકાર કર્યો છે અને શરત મૂકી છે કે તેઓ સ્પષ્ટપણે અલગતાવાદને સમર્થન ન આપે તો જ વિઝા આપવામાં આવશે.

રિપોર્ટમાં ખાલિસ્તાની શીખ-કેનેડિયન નાગરિકોનાં ઈન્ટરવ્યુનો સમાવેશ થાય છે. અહેવાલમાં ભારતનાં પગલાને "વિદેશી હસ્તક્ષેપ અભિયાન'' તરીકે વર્ણવવામાં આવ્યું છે. આ મુજબ, ખાલિસ્તાની સમર્થકોને વિઝા આપવા માટે, ભારતે તેમને શપથ લેવા કહ્યું કે તેઓ ભારતની સાર્વભૌમત્વનું સન્માન કરશે અને અલગતાવાદનો ત્યાગ કરશે.

કેનેડિયન ગ્લોબલ ન્યૂઝના અહેવાલ મુજબ, ખાલિસ્તાનવાદી નાગરિકોએ દાવો કર્યો છે કે વિઝા મેળવવા માટે, તેમને ખાલિસ્તાન અલગતાવાદનો ત્યાગ કરવા અને લોકતાંત્રિક અને મહાન રાષ્ટ્ર તરીકે ભારતનું સન્માન કરવાનું વચન આપતાં પત્ર પર સહી કરવાનું કહેવામાં આવ્યું હતું.

# દાત્રાણા ખાતે ૧૦૦ રૂપિયા ઉછીના આપવાની ના પાડતાં વૃધ્ધ ઉપર ખૂની હુમલો


જૂનાગઢ તા. ૧૨ : મેંદરડા તાલુકાના દાત્રાણા ગામે રહેતા ૬૫ વર્ષીય મેણસીભાઈ વિરમભાઈ ઢોલા પાસે તેના જ ગામનો ભરત પરબત ઉર્ફે ભલા મકવાણા આવ્યો હતો અને તેણે વૃદ્ધ પાસે રૂપિયા ૧૦૦ ઉછીના માંગ્યા હતા. પરંતુ વૃદ્ધે પૈસા આપવાની ના પાડતા શખ્સે ઉશ્કેરાઈ જઈને ધારિયા વડે હુમલો કરી મેણસીભાઈને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી.

ઈજાગ્રસ્ત વળદ્ધને પ્રથમ મેંદરડા બાદમાં વધુ સારવાર અર્થે જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બાદમાં રાજકોટ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
749/- 2870/-
1349/- 5060/-
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જાયાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?
ઓપરેશન કરાવતા પહેલા
આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ
૨૦ વર્ષનાં અનુભવી
કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો
(પચીસ રોગોની કાયાકલ્પ દવા)
હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે
(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)
મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ
(મું. વડાલ વાળા)

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ ૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
આ ખોટા વખાણ નથી હો.. આપ નજરે નિહાળો પછી તમે જ કહેશો કે વાહ..ભાઈ વાહ..
મોરો સોપારીનું કોરૂ કટીંગ તથા સ્પેશ્યલ નં.૧ સેકેલ સોપારીનું કટીંગ
સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે, જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે

PARDAWALA
શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?
જો હા... તો હવે
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.
સી.સી. પડદાવાલા
તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# ગુનેગારને જ્યારે સરકારે જ ભગાડ્યો!

ઓગસ્ટ ૨૦૧૦ની વાત છે જ્યારે રાજ્યસભામાં ભોપાલ ગેસ દુર્ઘટના પર ચર્ચા ચાલી રહી હતી. આ દુર્ઘટના અંગે આરોપ લગાવવામાં આવ્યા હતા કે તત્કાલિન વડાપ્રધાન રાજીવ ગાંધીએ યુનિયન કાર્બાઈડના સીઈઓ વોરેન એન્ડરસનને ભારતમાંથી ભાગવામાં મદદ કરી હતી. દુર્ઘટના દરમિયાન મધ્યપ્રદેશના મુખ્ય પ્રધાન રહેલા અર્જુન સિંહે રાજીવનો બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે ભોપાલ ગેસ દુર્ઘટનાના સંબંધમાં તેમના પર લાગેલા તમામ આરોપો પાયાવિહોણા છે. અર્જુન સિંહે કહ્યું કે રાજીવ ગાંધીએ એન્ડરસન અંગે એક પણ શબ્દ કહ્યો નથી. તેમના પર કોઈપણ પ્રકારના આરોપ લગાવવા સંપૂર્ણપણે પાયાવિહોણા છે. તેમણે ભાવનાત્મક રીતે કહ્યું કે આ ઘટના બાદ તેઓ તેમના પદ પરથી રાજીનામું આપવા તૈયાર હતો, પરંતુ રાજીવ ગાંધીએ તેમ કરવાની ના પાડી. ચાલો જાણીએ એ ભયાનક કાળી રાતની કહાની, જેણે હજારો લોકોની ઊંઘ હરામ કરી દીધી હતી.

ભોપાલના યુનિયન કાર્બાઈડના પ્લાન્ટ નંબર 'C' માં ૨-૩ ડિસેમ્બરની મધ્યાંતર રાત્રિ પછી સવારે ઝેરી ગેસ મિથાઈલ આઈસોસાયનેટ લીક થઈ રહ્યો હતો. તેમાંથી બનેલી ગેસના વાદળને પવન દૂર સુધી ખેંચી જતો હતો અને લોકો રસ્તા પર પત્તાંની માફક પડતા જતા હતા. કેટલાક લોકો તે સવારે પણ જાગ્યા જ નહીં. એ રાત્રે તેમને મોતની ઊંઘ આવી હતી. સરકારી આંકડાઓ અનુસાર, આ દુર્ઘટનાના થોડા જ કલાકોમાં ૫,૨૯૫ લોકો માર્યા ગયા હતા. મૃત્યુનો આ સિલસિલો વર્ષો સુધી ચાલતો રહ્યો. અમેરિકન જંતુનાશક બનાવતી કંપની ડાઉ યુનિયન કાર્બાઇડની ફેક્ટરીમાંથી લગભગ ૪૦ ટન ગેસ લીક થયો હતો. આ ઝેરી ગેસના લીકેજની અસર એટલી બધી હતી કે વર્ષો પછી મૃત્યુઆંક ૨૫ હજારની આસપાસ પહોંચી ગયો. એવું કહેવાય છે કે આ ઝેરી ગેસને કારણે લોકોને મોતને ઘાટ ઉતારવામાં સરેરાશ ત્રણ મિનિટનો સમય લાગ્યો હતો.

દુર્ઘટનાનું કારણ એ હતું કે યુનિયન કાર્બાઈડની ટાંકી નંબર ૬૧૦માં ઝેરી મિથાઈલ આઈસોસાયનેટ ગેસ પાણીમાં ભળ્યો હતો. આ કેમિકલ પ્રક્રિયાને કારણે ટાંકીમાં દબાણ સર્જાયું હતું અને ટાંકી ખુલી હતી અને તેમાંથી નીકળતા ગેસે હજારો લોકોના જીવ લીધા હતા. આનાથી ફેક્ટરીની નજીકની ઝૂંપડપટ્ટીઓને સૌથી ખરાબ અસર થઈ હતી. કુલ ૫,૨૧,૦૦૦ લોકો તેનાથી પ્રભાવિત થયા હતા. એક અનુમાન મુજબ પહેલા બે દિવસમાં લગભગ ૫૦ હજાર લોકોની સારવાર કરવામાં આવી હતી. શરૂઆતમાં ડોકટરોને બરાબર ખબર ન હતી કે શું કરવું જોઈએ કારણ કે તેઓને મિથાઈલ આઈસોસાયનેટ ગેસથી પીડિત લોકોની સારવાર કરવાનો કોઈ અનુભવ નહોતો. જો કે, ગેસ લીક થયાના આઠ કલાક પછી, ભોપાલને ઝેરી ગેસની અસરથી મુક્ત માનવામાં આવતું હતું. પરંતુ, આજ સુધી આ શહેર સંપૂર્ણ રીતે ઉગરી શક્યું નથી. આખા શહેરમાં વિચિત્ર દુર્ગંધ ફેલાઈ ગઈ હતી અને ચારેબાજુ લાશો જ લાશો વિખેરાયેલી હતી. થોડા જ દિવસોમાં આસપાસના વૃક્ષો ઉજ્જડ બની ગયા અને પ્રાણીઓના ફૂલી ગયેલા શબનો નિકાલ કરવો પડયો. ૧૭૦,૦૦૦ લોકોને હોસ્પિટલો અને કામચલાઉ દવાખાનાઓમાં સારવાર આપવામાં આવી હતી. ૨,૦૦૦ ભેંસો, બકરીઓ અને અન્ય પ્રાણીઓને એકત્ર કરી દફનાવવામાં આવ્યા હતા.

ભોપાલ ગેસ દુર્ઘટના કેસમાં ૭ જૂને કોર્ટે આઠ લોકોને દોષિત ઠેરવ્યા હતા અને તેમને બે વર્ષની જેલની સજા ફટકારી હતી. આ કેસમાં યુનિયન કાર્બાઈડનો તત્કાલીન વડો વોરેન એન્ડરસનને ફરાર જાહેર કરવામાં આવ્યો હતો. જોકે, તે ભારત છોડવામાં સફળ રહ્યો હતો. એન્ડરસન ગેસ અકસ્માતના ૪-૫ દિવસ પછી ૭ ડિસેમ્બરે ભોપાલ પહોંચ્યો હતો અને એરપોર્ટ પર જ તેની ધરપકડ કરવામાં આવી હતી. એન્ડરસને ફેક્ટરીમાં અગાઉના અકસ્માતોની અવગણના કરી હતી. ધરપકડના બીજા દિવસે એટલે કે થોડા કલાકોમાં જ ભોપાલના તત્કાલીન કલેક્ટર મોતી સિંહ અને એસપી સ્વરાજ પુરી એન્ડરસનને સરકારી કારમાં એરપોર્ટ લઈ ગયા. રાજ્ય સરકારનું વિમાન ત્યાં તૈયાર હતું, જેમાં એન્ડરસનને દિલ્હી મોકલવામાં આવ્યો. તે જ સાંજે દિલ્હીથી અમેરિકા જવા રવાના થઈ ગયો. આ પછી એન્ડરસન ક્યારેય ભારત આવ્યો નથી. કલેક્ટર મોતી સિંહે ૨૦૦૮માં 'અનફોલ્ડિંગ ધ બીટ્રેયલ ઓફ ભોપાલ ગેસ ટ્રેજેડી' પુસ્તક લખ્યું હતું. તેણે લખ્યું છે કે એન્ડરસનને તત્કાલિન સીએમ અર્જુન સિંહના આદેશ પર મુક્ત કરવામાં આવ્યો હતો. મધ્ય પ્રદેશના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અર્જુન સિંહ તેમની આત્મકથા 'ધ ગ્રેન ઑફ સેન્ડ ઈન ધ અવરગ્લાસ ઑફ ટાઈમ'માં લખે છે કે એન્ડરસનને જામીન આપવા માટે ગૃહ મંત્રાલય તરફથી ફોન આવ્યો હતો.

મિથાઈલ આઈસોસાયનેટ ગેસ એ જ ગેસ હતો જેનો ઉપયોગ બીજા વિશ્વયુદ્ધમાં થયો હતો. જેનો ઉપયોગ જર્મન તાનાશાહ હિટલરે ગેસ ચેમ્બરમાં કર્યો હતો. તેણે આ ગેસ ચેમ્બરનો ઉપયોગ તેના દુશ્મનોને મારવા માટે કર્યો હતો. જીનીવા કન્વેન્શન હેઠળ આ ગેસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ પછી પણ જ્યારે ઈન્દિરા ગાંધીએ ૧૯૭૫માં દેશમાં ઈમરજન્સી લાદી ત્યારે આ ઝેરી ગેસનો ઉપયોગ કરનાર યુનિયન કાર્બાઈડને ભોપાલમાં ફેક્ટરી ખોલવાની પરવાનગી આપવામાં આવી હતી. જુલાઈ ૨૦૨૩ માં, ભોપાલ ગેસ દુર્ઘટના પર એક અભ્યાસ બહાર આવ્યો હતો, જે લગભગ ૩૦ વર્ષના સંશોધન પછી પ્રકાશિત થયો હતો. આ અભ્યાસ ૧૯૮૫ થી ૨૦૧૫ દરમિયાન દુર્ઘટનામાં બચી ગયેલા ૯૨,૩૨૦ લોકો પર કરવામાં આવ્યો હતો. એવું કહેવામાં આવ્યું હતું કે આ દુર્ઘટનાએ ગર્ભમાં રહેલા બાળકોને પણ બક્ષ્યા નથી. જેઓ બચી ગયા તેમાંથી ઘણાને કેન્સર થયું. શ્વાસ લેવામાં તકલીફ અને આંખોની રોશની ગુમાવવા જેવી ઘણી સમસ્યાઓ વિકસિત થઈ.

# પોરબંદર : કો-ઓર્ડીનેટર જીવાભાઈ ખુંટીને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે સન્માનિત કરાયા



(પ્રતિનિધિ દ્વારા)

ગોસા(ઘેડ) તા.૧૨

પોરબંદરની માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત શિક્ષણ શિસ્ત અને સંસ્કાર ઘડતર કરતી ડો. વી.આર. ગોઢાણીયા કોલેજમાં ઈન્સ્ટિટયૂટ ઓફ યોગ કોલેજ દ્વારા ગીતા જયંતી ની ઉષ્માભરી ઉજવણી કરવામાં આવી હતી. આ તકે કુતિયાણા નગરપાલિકાએ બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પસંદગી કરેલ ગોઢાણીયા યોગ કોલેજના ડાયરેકટર જીવાભાઈ ખૂટીને ટ્રસ્ટના પ્રમુખ અને જાણીતા દાતા અને શિક્ષણપ્રેમી ડોક્ટર વિરમભાઈ ગોઢા ણીયાના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. શ્રીમદ ભાગવત ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા સર્વ ધર્મના આચરણ માટેની શિખ આપી છે. આથી શ્રીમદ ભાગવત ગીતા દરેક વ્યક્તિને પોતાનું કર્તવ્ય બજાવવાનો બોધ આપે છે. આ પ્રકારની શિખામણ ગોઢાણિયા કોલેજના ટ્રસ્ટ ના પ્રમુખ અને જાણીતા દાતા અને શિક્ષણ પ્રેમી ડોક્ટર વિરમભાઈ ગોઢા ણીયાએ પોરબંદરની યુવા પેઢીને શિખામણ આપી હતી. પોરબંદરની શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત શિક્ષણ શિસ્ત અને સંસ્કાર ઘડતર કરતી વેરાવળ સોમનાથ યુનિવર્સિટી સલગ્ન છેલ્લા ત્રણ વર્ષથી ડિપ્લોમા યોગ અભ્યાસક્રમ ચલાવતી પોરબંદરની ડો. વી. આર. ગોઢાણીયા ઈન્સ્ટિટયૂટ ઓફ યોગ કોલેજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગીતા જયંત ની ઉજવણી કરવામાં આવી હતી. જયંતિની ઉજવણીના કાર્યક્રમના પ્રારંભમાં ડો. વી. આર. ગોઢાણીયા યોગ કોલેજના ડાયરેક્ટર જીવાભાઈ ખુંટીએ શ્રીમદ ભાગવત ગીતા ના શ્લોક" યોગ કર્મશું કૌશલ્ય" યોગનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ પોતાના કોઈપણ વ્યવસાય માં સફળ થાય છે. ગીતા ૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોક ધરાવતી ભગવદ ગીતાએ વૈશ્વિક ગ્રંથ ગણાવી સૌ મહાનુભવોને મીઠો આવકાર આપ્યો હતો. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ જાણીતા દાતા અને શિક્ષણ પ્રેમી ડોક્ટર વિરમભાઈ ગોઢા ણીયાએ યોગ કોલેજ પ્રતિ વર્ષ ગીતા જયંતીની ઉજવણી કરે છે. તે માટે યોગ કોલેજને અભિનંદન આપ્યા હતા. અને જણાવ્યું હતું કે શ્રીમદ ભાગવત ગીતામાં શ્રી કૃષ્ણ દ્વારા સર્વ ધર્મનું આચરણ કરવાનો ઉલ્લેખ કરાયો છે. આખી શ્રીમદ ભાગવત ગીતા દરેક વ્યક્તિને કર્તવ્ય ભાવનાનો બોધ આપે છે. કર્તવ્ય પથના ત્રણ કર્મ સ્થભ છે. ક્રિએટિવિટી. કમિટમેન્ટ અને કોમ્યુનિકેશન આથી પોતાનો સ્વધર્મ કર્તવ્ય નિષ્ઠાથી બચાવવા બચાવવાની શીખ આપી હતી. આ પ્રસંગે પોરબંદરની ડો. વી.આર.ગોઢાણિયા બી.એડ કોલેજના ડાયરેક્ટર અને જાણીતા કેળવણી કાર ડો. ઈશ્વરભાઈ ભરડા એ જણાવ્યું હતું કે પોરબંદરમાં જન્મેલા વિશ્વ વિભૂતિ મહાત્મા ગાંધીજીને ભગવદ ગીતામાં અખૂટ શ્રદ્ધા હતી. બાપુ પોતે તો શ્રીમદ ભાગવત ગીતાનો નિત્ય પાઠ કરતા જ હતા. સાથો સાથ પોતાના સંપર્કમાં આવનાર સૌને બાપુ શ્રીમદ ભાગવત ગીતાનો પાઠ કરવા અનુરોધ કરતા હતા. મહાત્મા ગાંધી કહેતા " જ્યારે જ્યારે મને સંકટ આવે છે ત્યારે હું ગીતા માતાના શરણે જાઉ છું". લોકમાન્ય તિલક, શ્રી વિનોબા ભાવે,હેનરી ડેવિડ થોરો, ટી.એસ.ઈલિયેટ, ફિલિક્સ ગ્લાસ અને ઈમ ર્સન જેવા વિશ્વના મહાન ચિંતકો ગીતા પ્રત્યે ગજબની આસ્થા ધરાવતા હતા. આ પ્રસંગે ડો.વી.આર. ગોઢાણીયા મહિલા કોલેજના પ્રિન્સિપાલ ડો. કેતનભાઈ શાહે જણાવ્યો હતું કે શ્રીમદ ભગવત ગીતા એ આધ્યાત્મિક મૂલ્યનો ગ્રંથ છે. કુરુક્ષેત્રના મેદાનમાં શ્રી કૃષ્ણ ભગવાને શ્રી અર્જુનને ધર્મના જ્ઞાનરૂપી ગીતાજી નો ઉપદેશ આપ્યાને ૫૧૬૧ જેટલા વર્ષ થઈ રહ્યા છે. જેના અનુસંધાને શ્રીમદ ભગવત ગીતાનું મહાત્મય ઉજાગર કરવા દર વર્ષે ગીતા જયંતિ પર્વ ભારત ભરમાં ઉજવણી કરવામાં આવે છે. યોગ કોલેજ દર વર્ષે ગીતા જયંતિની ઉજવણી કરે છે. તે બદલ અભિનંદન પાઠવ્યા હતા. ઉલ્લેખની છે કે આગામી સત્રથી શાળાઓમાં ધોરણ ૬ થી૧૨ ના ધોરણોમાં શિક્ષણ વિભાગ દ્વારા બાળકોમાં નાનપણથી જ સત્ય, સહજીવન, સંસ્કૃતિ, સહિષ્ણુતાના ગુણો ખીલે તે અનુસાર શ્રી ભગવત ગીતામાં સમાવિષ્ટ ભૂલ્યો અને સિદ્ધાંતો ના અભ્યાસક્રમ નો પરિચય કરવાનું અમલીકરણ થશે.આથી આ આધ્યાત્મિક મૂલ્યોને ઉજાગર કરવા ગીતા જયંતી ઉજવણીના આયોજન કરવામાં આવેલ છે. આ તકે ગોઢાણીયા સંકુલ ટ્રસ્ટની ઓફિસ ખાતે પોરબંદરની ગોઢાણીયા યોગ કોલેજના કો.ઓડીનેટર જીવાભાઈ ખૂંટીને વર્ષોથી નિસ્વાર્થ ભાવે યોગ શિક્ષણ, આયુર્વેદિક, વ્યસન મુક્તિ, પર્યાવરણ, ગૌ સેવા, સ્વાધ્યાય જેવી અનેક રચનાત્મક પ્રવૃતિ કરવા બદલ કુતિયાણા નગરપાલિકાએ બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જીવાભાઈ ખૂંટીની પસંદગી થતા તેઓનું ટ્રસ્ટના પ્રમુખ જાણીતા દાતા અને શિક્ષણ પ્રેમી ડોક્ટર વિરમભાઈ ગોઢાણીયાના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત શ્રીમદ ભાગવત ગીતાની જન્મ જયંતી ઉજવણી અંતર્ગત ગુજરાત યોગ બોર્ડ દ્વારા પોરબંદરની ગોઢાણીયા યોગ કોલેજના વિદ્યાર્થીઓમાં પરેશભાઈ દુબલ, કિરણબેન થાકવાની, ઉર્મિલાબેન પાંજરીની યોગ કોચ તરીકે નિમણુક થતા તેમજ પોરબંદર યોગ સ્પર્ધામાં પ્રથમ વિદ્યાર્થી રામભાઈ વિસણા, જાગૃતીબેન પાંજરી દ્વિતીય અને મનિષાબેન મોતી વરસ તૃતીય સ્થાને વિજેતા થતા તેઓનું ઉષ્મા વસ્ત્ર અને ઈસ્કોન શ્રીમદ ભાગવત ગીતા અર્પણ કરી આપ કે સન્માનિત કરવામાં આવ્યા હતા. હા શ્રીમદ ભાગવત ગીતા જયંતિની ઉજવણી ના કાર્યક્રમમાં ગોઢાણીયા મહિલા કોલેજના પ્રિન્સિપાલ ડો.કેતન ભાઈ શાહ, કો-ઓર્ડીનેટર, જીવાભાઈ ખુંટી, કેળવણી કાર ડો. ઈશ્વરભાઈ ભરડાના અંગત સિકેટરી કમલેશભાઈ થાનકી, ડો. જયશ્રીબેન પરમાર સહિત કોલેજ પરિવાર ઉપસ્થિત રહ્યા હતા. બાળકોમાં આધ્યાત્મિક મૂલ્યોનું સિંચન વિકાસ માટે શ્રીમદ ભાગવત ગીતાની જન્મ જયંતિ ઉજવવા બદલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને પોરબંદરના ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડીયા, ટ્રસ્ટી ભરતભાઈ ઓડેદરા, શાંતિબેન ઓડેદરા, જયશ્રીબેન ગોઢાણીયા, ભરતભાઈ વિસાણા સહિતના ટ્રસ્ટ ગણે અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# કેશોદમાં ગીતા જયંતી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા

(પ્રતિનિધિ દ્વારા)


કેશોદ, તા.૧૨

કેશોદમાં ગીતા જયંતી નિમિત્તે ગીતાજીનું પૂજન કરવામાં આવ્યું ૧૨માં તથા ૧૮માં અધ્યાયનું પારાયણ કરવામાં આવ્યું હતું. સમગ્ર માનવ સમાજને જીવન જીવવાનો રાહ બતાવતો શ્રીમદ ભાગવત ગીતા વિશ્વનો એકમાત્ર એવો ગ્રંથ છે કે જેની જન્મ જયંતી ઉજવાય છે. ન્યુ એરા પ્રોફેસર એકેડમીમાં ગીતા જયંતિ ખુબ ભવ્ય રીતે ઉજવવામાં આવી હતી. સ્ટાફ તથા બાળકોએ ટ્રેડિશનલ ડ્રેસ સાથે ઉપસ્થિત રહી શ્રીમદ ભાગવત ગીતાનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કર્યા બાદ આરતી અને ૧૨માં અધ્યાયનું પઠન કરેલ હતું અને બાળકો દ્વારા ગીતાજીનો પરિચય



તેમજ કેશોદ વિસ્તારના જાણીતા એનાઉન્સર ડો.ભુપેન્દ્રભાઈ જોશી દ્વારા શ્રીમદ ભાગવત ગીતા ઉપર પ્રવચન આપવામાં આવેલું હતું. આ તકે બાળકો ગીતાના વિચારોથી વાકેફ થાય તથા જીવનના દરેક ક્ષેત્રમાં પથ દર્શક તરીકે શ્રીમદ ભાગવત ગીતાનો ઉપયોગથી પોતાના જીવનને ધન્ય બનાવે તથા ધર્મગ્રંથને માત્ર ધાર્મિક ગ્રંથ જ નહીં પણ એક જીવન પથદર્શક તરીકે સ્વીકારે અને ભગવાન શ્રીકૃષ્ણના કર્મના સિદ્ધાંત પ્રમાણે શ્રેષ્ઠ કાર્ય કરી માનવ ધર્મને જાળવી રાખે એ ભાવ સાથે ગીતા જયંતિની સૌને ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવી હતી.

# માંગરોળ તાલુકાના લોએજ ગામે નંદાણિયા પરિવાર દ્વારા થયેલ ચક્ષુદાન



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૨

માંગરોળ તાલુકાના લોએજ ગામમાં તા.૧૧-૧૨-૨૦૨૪ને બુધવાર, માગશર સુદ અગિયારસના રોજ સ્વ.કારાભાઈ રામસીભાઈ નંદાણિયા (ઉ.વ.૮૦) નું દુઃખદ અવસાન થયેલ છે, જેઓ રામભાઈ કારાભાઈ નંદાણિયા તેમજ લખનભાઈ કારાભાઈ નંદાણિયાના પિતાશ્રી થાય છે. આ દુઃખદ સમયે તેમના પરિવાર દ્વારા સ્વ.કારાભાઈના ચક્ષુનુંદાન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આથી લોએજ ગામના વતની ધર્મેશભાઈ ચાંડેરાએ કરશનભાઈ મેરામણભાઈ નંદાણિયા સાથે ટેલિફોનિક વાત કરેલ જેના માધ્યમથી શિવમ ચક્ષુદાન આરેણાના સંચાલકને જાણ કરતા, શીલ પી.એચ.સી.સેન્ટરના ગોવિંદભાઈ વાળાએ મૃતકના બન્ને ચક્ષુ લઈ મુનિ સંત બાલાજી આઈ બેંક અને હોસ્પિટલ વેરાવળ, જિ.ગીર સોમનાથને કરશનભાઈ વાજા દ્વારા પહોંચાડવામાં આવ્યાં હતાં. ચક્ષુદાન કલેકશન વખતે ધર્મેશભાઈ ચાંડેરાએ જરુરી મદદ અને વ્યવસ્થા કરી આપી હતી. આ ચક્ષુદાનનો સ્વિકાર પરેશભાઈ ઘેરવડા અને ધર્મેશભાઈ ચાંડેરા અને અરવિંદભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યો હતો. ચક્ષુદાન સમયે લોએજ ગામના સરમણભાઈ નંદાણિયા (મહાદેવ ગૃપ)તેમજ નજીકના સગા સબંધી પ્રેરક ઉપસ્થિત રહ્યા હતા. નંદાણિયા પરિવારે ચક્ષુદાનનો આ પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચિંધેલ છે તેમના આ વિચારને શિવમ્ ચક્ષુદાન-આરેણા બિરદાવે છે અને સ્વ.કારાભાઈને શ્રધ્ધાંજલી અર્પે છે. આ પરિવાર દ્વારા થયેલ આ ચક્ષુદાને આપણા પૂરાણોમાં થયેલા દાન ધર્મના મહિમાને ખરા અર્થમાં સાર્થક કર્યો છે.

# ગુજરાતી સ્વરકાર ગાયક યજ્ઞ પુરૂષોતમ ઉપાધ્યાયને સોમનાથ પ્રત્યે અનહદ લગાવ હતો



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૨

સોમનાથ મહાદેવ મંદિરની પ્રારંભના રસોમાં પુરૂષોતમ ઉપાધ્યાય અનેકોર દર્શન મુલાકાત લઈચુકયા છે. પુરૂષોતમભાઈ કહેતા મને અહીં જે શાંતિ મળે છે તે એવી અદભૂત છે કે તેનું મુલ્ય ન થઈ શકે. પ્રભાસના ભાસ્કર વૈદ્ય સાથેની મુલાકાતમં તેમણે જણાવ્યું હતું કે, સોમનથ મંદિરનું ઓડીટોરીયમ પુરૂષોતમ ઉપાધ્યય અને હંસા દવેના પ્રથમ કાર્યક્રમથી પ્રારંભ થતો હોય તેવું આ ચોથું ઓડીટેરીયમ છે. સોમનાથમાં તેઓએ ભાટીયા ધર્મશાળામાં ઉષા મૈયા અને માતાજીની સાનિધ્યમાં ભાવવિભોર થઈ તે સમયની ભાટીયા ધર્મશાળામાં છેક સવાર સુધી કાર્યક્રમ આપ્યો હતો. પ્રભાસ-પાટણના લક્ષ્મીનારાયણ મંદિરમાં પણ તેને સંગીતની બેઠક કરી દર્શકોને સ્વરથી ભીંજવ્યા હતા. સોમનાથ મંદિરના દર્શનવાળા ભાગે પણ શિવ એકાકાર શિવ ભાવમય બની અનેક રચનાઓ સોમનાથ મહાદેવ સમક્ષ રજુ કરી સ્વરાભિષેક કર્યો હતો. પ્રભાસના ઠાકોર મંદિરમાં પણ તેઓ દર્શન કરી ભાવવંદના કરી ધન્ય બન્યા હતા. પ્રભાસના માર્કન્ડ પાઠક, બાબાભાઈ દવે, દિનેશ વૈદ, ભાસ્કર વૈદ્ય તેઓના આજ દિવસ સુધી અનન્ય ચાહક રહ્યા છે અને માર્કન્ડભાઈ અને દવેભાઈએ તો વસાવેલ હતો જે સાંભળી તેઓની પ્રત્યક્ષ અનુભુતિ માણી લે છે.


# ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ - જૂનાગઢ દ્વારા સંચાલિત નૂરી ક્લીનીક એન્ડ નિદાન કેન્દ્રમાં (૨૪)માં સમુહ ખત્ના કેમ્પનું શાનદાર આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહના ગાદીનશીન પીરે તરીકત, હુઝુર ગુલઝારે મિલ્લત, હઝરત પીર ગુલઝાર બાપુ નૂરી દ્વારા ચાલતું નૂરી કલીનીક એન્ડ નિદાન કેન્દ્રમાં તા.૧૫-૧૨-૨૦૨૪ રવિવારના રોજ સવારે ૯:૩૦ થી ૧૨ વાગ્યા સુધી (૨૫)માં સમુહ ખત્ના કેમ્પનું શાનદાર આયોજન કરવામાં આવેલ છે. આ ખત્ના કેમ્પમાં જામનગરના ખત્નાના સ્પેશ્યલ ડોકટર સમીરભાઈ ખલીફા તથા અખ્તરભાઈ ખલીફા હાજર રહી ફક્ત ૩ મીનીટમાં સફળતા પૂર્વક સુંદર રીતે કોઈપણ જાતની બાળકને તકલીફ થયા વગર બાળકોની ખત્ના કરી આપશે. આ સમુહ ખત્ના કેમ્પનો મુખ્ય હેતુ મુસ્લીમ સમાજમાં ખત્નાના નામે ચાલતા કુરીવાજો, જાગરણ, ડીજે વગાડવા, વરઘોડા કાઢવા વિગેરે જેવા કુરીવાજો અને ફાલતું ખર્ચાઓને દુર કરવાના હેતુસર આ સમુહ ખત્ના કેમ્પનું આયોજન કરવમાં આવેલ છે. આ સમુહ ખત્ના કેમ્પનો વધુમાં વધુ લાભ લેવા જૂનાગઢ તેમજ આજુબાજુના ગામડાઓના બાળકોના વાલીઓને અનુરોધ કરવામાં આવ્યો છે. આ સમુહ ખત્ના કેમ્પમાં એક બાળકની ફી રૂા.૮૫૧ રાખવામાં આવેલ છે. તેમજ ખત્ના કરાવવા આવેલ બાળકોને જરૂરીયાત મુજબ દવા હુઝુર ગુલઝારે મિલ્લત, પીરે તરીકત, હઝરત પીર ગુલઝાર બાપુ નૂરી મદઝિલ્લહુલઆલી દ્વારા તદન મફતમાં આપવામાં આવશે. આ સમુહ ખત્ના કેમ્પમાં જે વાલીઓ પોતાના બાળકોની ખત્ના કરાવવા ઈચ્છતા હોય તેમણે રૂા.૫૧/- ભરી તેમના બાળકનું નામ મોબાઈલ નંબર ૯૯૦૪૧ ૩૬૭૮૬, ૭૮૭૪૪ ૮૭૬૩૬, ૯૯૭૯૧ ૩૪૨૮૪, ૯૮૨૪૨૦૨૬૯૫, ૯૯૯૮ ૮૩૯૪૦૬ ઉપર વહેલાસર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

# રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી પરમ જીવદયા રથ દ્વારા અર્હમ યુવા સેવા ગ્રુપ અને એનીમલ હેલ્પલાઈન દ્વારા અબોલ જીવોને દૈનિક ભોજન પીરસતું અન્નક્ષેત્ર




(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૨

રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી 'પરમ જીવદયા રથ' દ્વારા અર્હમ યુવા સેવા ગ્રુપ અને શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈન - રાજકોટ દ્વારા ૨ વિશેષ વાહનોમાં અનેક જીવદયા પ્રવૃતિઓ દરરોજ કરવામાં આવે છે. અબોલ જીવો માટે રોજીંદુ અન્નક્ષેત્ર ચલાવવામાં આવે છે. અન્નક્ષેત્ર નિરાધાર અને રસ્તે રઝળતા પશુઓ જેમને ખાવા-પીવાનો પણ અભાવ છે, તેમના માટે ચલાવવામાં આવે છે. સંસ્થા દ્વારા સૌરાષ્ટ્રનું સૌપ્રથમ પશુ-પક્ષીઓનું હરતું-ફરતું અન્નક્ષેત્ર શરૂ કરવામાં આવ્યું હતું. આ અન્નક્ષેત્ર શરૂ કર્યા બાદ સંસ્થા આ પ્રકારના બીજા અનેકો અન્નક્ષેત્રો ચાલુ કરવા માટે અન્ય સંસ્થાઓને પ્રેરણા આપવામાં સફળ બની છે. અન્નક્ષેત્રમાં શહેરમાં વિવિધ સ્થળોએ, ઋતુ અનુસાર ૫ થી ૧૫ ગુણી ચણ પક્ષીઓને દરરોજ આપવામાં આવે છે. ૨૫ જેટલા વિસ્તારોમાં રોજ ૨૫૦ લીટર દુધ અને ૫૦ કિલો લોટની રોટલીનું ભોજન, ૭૦૦ થી વધુ શ્વાનોને પીરસવામાં આવે છે. નાના જીવને પણ ખોરાક મળી રહે તે માટે દરરોજ કિડીઓને ૧૫ કિ.ગ્રા. કીડીયારૂ પુરવામાં આવે છે. લોટની ૪૦ કિ.ગ્રા. ગોળી બનાવી દરરોજ માછલીને આપવામાં આવે છે. દરરોજ ૩૦ કિલો મકાઈનાં ડોડા ખિસકોલીઓને ખવડાવવામાં આવે છે. અન્નક્ષેત્રનો દૈનિક ખર્ચ ૧૫,૦૦૦ રૂપિયા છે. આ સત્કાર્યમાં સહભાગી થવા ઈચ્છતા દાતાઓને મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯) અને પ્રતિક સંઘાણી (મો. ૯૯૯૮૦ ૩૦૩૯૩) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે. અનુદાન અંગે વિવિધ તિથી યોજનાઓ પણ કાર્યરત છે. સમગ્ર આયોજન અંગે ભારત સરકારનાં પશુપાલન મંત્રાલયનાં સલાહકાર સમિતિ સભ્ય મિતલ ખેતાણી, એનીમલ હેલ્પલાઈનનાં પ્રતીક સંઘાણી, રમેશભાઈ ઠક્કર, ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગભાઈ ઠક્કર, પારસભાઈ મહેતા અને અર્હમ યુવા સેવા ગ્રુપની ટીમ જહેમત ઉઠાવી રહી છે. અત્રે ઉલેખ્ખનીય છે કે કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન, રાજકોટ દ્વારા રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાનામોટા પશુ-પંખીઓને વિનામુલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવે છે.

# આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ભય કાયમ અજ્ઞાનમાંથી ઉત્પન્ન થાય છે.

- એમર્સન

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.તીર-૧૩૯૪, મુ. જમાદુલ આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, માગસર સુદ-૧૨ અખંડ દ્વાદશી, મત્સ્ય દ્વાદશી તા.૧૨ ડિસેમ્બર ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૩૦, મુસ્લિમ તા.૧૦, અશ્વિની નક્ષત્ર, પરિઘ યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૨૩, સૂ.અ.૬:૦૫

આજનો દિવસ સવારે ૯:૫૨ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ગેર સમજ દૂર થાય. આર્થિક સમસ્યાનો ઉકેલ આવે.
વૃષભ:પારિવારીક જવાબદારીમાં વધારો થાય. લાભની તક સાંપડે.
મિથુન:આવકમાં વધારો થાય. સામાજિક ક્ષેત્રે પ્રભાવમાં વૃધ્ધિ થાય.
કર્ક: ધાર્મિક કાર્યોમાં વ્યસ્ત રહેવાય. પ્રવૃત્તિઓમાં સફળતા મળે.
સિંહ: સ્વજનોનો સહયોગ મળે. શત્રુ પક્ષ સાથે સુલેહ થાય.
કન્યા: નવા કાર્યની સફળતા માટે મુસાફરી થાય. વિશેષ સ્નેહ રહે.
તુલા: સંપતિને લગતા કાર્યોમાં વિલંબ થાય. વાદ-વિવાદ ટાળવો.
વૃશ્ચિક:પારિવારીક ક્ષેત્રે મહત્વના કાર્યમાં સફળતા મળે.
ધન: આત્મવિશ્વાસમાં વધારો થાય. સાહસિક કાર્યોમાં સફળતા મળે.
મકર: નવિન યોજનાઓમાં સફળતા મળે. પ્કાર્યમાં સાવધાન રહેવું.
કુંભ: જવાબદારીવાળા કાર્યમાં સાવધાની. શત્રુથી સાવધ રહેવું.
મીન: આનંદ-પ્રમાદમાં અધિકતા રહે. પ્રવાસમાં પીડા રહે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારના સફળ સુશાસનના બે વર્ષ પૂર્ણ

**વિકસિત ભારત @ ૨૦૪૭ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનને વિકસિત ગુજરાતથી સાકાર કરવા આજ તા.૧૨મી ડિસેમ્બર, ગુરૂવારે તૃતિય વર્ષમાં પદાર્પણ સાથે ગ્યાન' – ગરીબ, યુવા, અન્નદાતા, નારીશક્તિના સમૂચિત વિકાસના કાર્યક્રમોનું આયોજન : વિકસિત ગુજરાતની દિશા તય કરતા 'ગ્યાન' આધારિત કાર્યક્રમો યોજાશે : જનતા જનાર્દને મુકેલો વિશ્વાસ સેવા-સંકલ્પ અને સમર્પણ ભાવ સાથે અનેકવિધ લોકહિતકારી યોજનાઓનો સેવાકાળ બનાવ્યો છે.**



ગાંધીનગર, તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની રાજનીતિના પાયા પર રચેલી સર્વાંગી વિકાસની બુનિયાદને ગુજરાતની જનતા જનાર્દને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં દ્રઢ વિશ્વાસ મૂકીને વધુ ઉન્નત બનાવી છે. આ જન સમર્થન અને જનવિશ્વાસ સાથે તા. ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૨ના દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની સરકારે શાસન સેવા દાયિત્વ સંભાળ્યું હતું. તેમના સફળ સુશાસનના બે વર્ષ ૧૨ ડિસેમ્બર,૨૦૨૪ના પૂર્ણ થશે.

મુખ્યમંત્રીના દ્રષ્ટીવંત નેતૃત્વમાં વર્તમાન સરકારે રાજ્યની વિકાસયાત્રાને જનહિતલક્ષી યોજનાઓથી અનેક સિદ્ધિઓ અને શ્રેષ્ઠ પરિણામો સાથે નવી દિશા આપી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારત જ ૨૦૪૭ માટે ચાર મુખ્ય સ્તંભ ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના સશક્તિકરણ માટે વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને 'ટીમ ગુજરાતે' પણ વડાપ્રધાનના આ વિકસિત ભારત જ ૨૦૪૭ સંકલ્પને વિકસિત ગુજરાતથી પાર પાડવાની નેમ રાખી છે. મુખ્યમંત્રીના નેતૃત્વમાં રાજ્ય સરકારે વડાપ્રધાનની સંકલ્પના અનુસાર રાજ્યના વિકાસમાં દરેક આયોજન અને કાર્યક્રમોમાં 'ગ્યાન' એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને મહિલાશક્તિના એમ્પાવરમેન્ટ અને ઉત્થાન ઉપર ફોકસ કર્યું છે. ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકારે બે વર્ષના કાર્યકાળમાં સેવા, સંકલ્પ અને સમર્પણ ભાવ સાથે પ્રજાકીય સુશાસનની જન-જનને અનુભૂતિ કરાવી છે. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં રાજ્ય સરકાર તા. ૧૨મી ડિસેમ્બર, ગુરૂવારે તૃતીય વર્ષમાં પદાર્પણ કરશે તે અવસરને પણ 'ગ્યાન' આધારિત વિકાસ ઉત્સવ બનાવવાનું બહુ આયામી આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્ય મંત્રી મંડળના મંત્રીઓ વર્તમાન રાજ્ય સરકારના ત્રીજા વર્ષમાં મંગળ પ્રવેશ અવસરે આ 'ગ્યાન' આધારિત વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થવાના છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સેવા, સંકલ્પ અને સમર્પણના બે વર્ષ પૂર્ણ કરીને તૃતીય વર્ષમાં પદાર્પણ અવસરે આજ તા.૧૨મી ડિસેમ્બર, ગુરૂવારના દિવસનો પ્રારંભ અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા નરોડામાં ૩૦૦ ચોરસ મીટરમાં નિર્માણ પામેલા શ્રમિક સુવિધા કેન્દ્રના લોકાર્પણ દ્વારા ગરીબ ઉત્થાન કાર્યક્રમથી કરશે. મુખ્યમંત્રીશ્રી 'ગ્યાન'ના બીજા મહત્વપૂર્ણ પિલ્લર એવા યુવાઓના ઉજ્જ્વળ ભવિષ્યની નેમ સાથે સવારે ૧૧ કલાકે ગાંધીનગરના મહાત્મા મંદિરમાં યોજાનારા કાર્યક્રમમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં પસંદગી પામેલા ૫૮૦ યુવાનોને નિમણૂંક પત્રો એનાયત કરવાના છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'અન્નદાતા'ને પ્રોત્સાહન અને પ્રેરણા આપવા ખેડૂત ઉત્પાદક સંગઠનો FPOના સદસ્યો સાથે મુખ્યમંત્રી નિવાસસ્થાને સંવાદ કાર્યક્રમનું પણ આયોજન કર્યું છે. ખેત પેદાશોના મહત્તમ ઉત્પાદન, વેલ્યુએડિશન, બ્રાન્ડિંગ અને માર્કેટિંગ તેમજ પ્રાકૃતિક ખેતીને વેગ આપવા હૈને મુખ્યમંત્રીશ્રી આ સંવાદ કાર્યક્રમમાં માર્ગદર્શન આપશે. મુખ્યમંત્રી ગુરૂવારે સાંજે ૩૦૦ જેટલી મહિલા સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેટર્સ સાથે અમદાવાદમાં આઈ-હબ ખાતે યોજનારા એક કાર્યક્રમમાં સંવાદ-વાતચીત કરશે.૨ મહિલા ઉદ્યોગ સાહસિકો સંશોધકોને રાજ્ય સરકાર દ્વારા મળેલા પ્રોત્સાહનને કારણે રાજ્યમાં મહિલા સ્ટાર્ટઅપની સંખ્યામાં ૫૨%નો વધારો થયો છે. મુખ્યમંત્રીશ્રી 'ગ્યાન'નો ચોથો સ્તંભ એવી નારીશક્તિના શક્તિ સામર્થ્યને આ સ્ટાર્ટ અપ ઈનોવેટર્સ સાથેના સંવાદ કાર્યક્રમથી નવી દિશા આપશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વડપણની વર્તમાન સરકારના ત્રીજા વર્ષમાં પદાર્પણનો પ્રથમ દિવસ એટલે કે આજ તા. ૧૨મી ડિસેમ્બર ૨૦૨૪ સમગ્રતયા 'ગ્યાન' સમર્પિત વિકાસ દિવસ બનશે.

**મુખ્યમંત્રીના હસ્તે સંપન્ન થશે**

- અમદાવાદમાં શ્રમિક સુવિધા કેન્દ્ર લોકાર્પણ થકી - ગરીબ ઉત્કર્ષ
- રાજ્ય સરકારના વિભાગોમાં ૬૦૦ યુવાઓને નિમણૂંક પત્રો એનાયતથી - યુવા વિકાસ
- ખેડૂતો-અન્નદાતાઓના FPO સાથે સંવાદથી - અન્નદાતા વિકાસ
- મહિલા સ્ટાર્ટઅપ - ઈનોવેટર્સ સાથે સંવાદથી - નારીશક્તિ વિકાસ

## માંગરોળ પીજીવીસીએલને ૩૪ લાખ વળતર ચૂકવવા કેશોદ સિવિલ કોર્ટનો હુકમ

**શેપા ગામે બે ભાઈઓ છાપરૂ બનાવી રહ્યા હતા ત્યારે વિજ વાયર પડતા એકનું મોત અને બીજાના હાથ અને પગ કાપી નાખવા પડેલ**

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા. ૧૨

માંગરોળ તાલુકાના શેફા ગામે દાઉદ હુસેન કાલવાત તથા તેમના ભાઈ ફારૂક ઉર્ફે ગફુર બન્ને જણા તેમના કાકા સુલેમાનના મકાને છાપરૂ બનાવી બાજુમાં દિવાલ ઉપર બેઠેલ હોય તેવામાં પી.જી.વી.સી.એલ.ની ૧૧ કે.વી. લાઈનનો એક તાર તુટી બન્ને ઉપર પડતા ફારૂક હુસેન કાલવાતનું ઘટના સ્થળે મૃત્યુ થયેલ જ્યારે તેમના ભાઈ દાઉદ હુસેન કાલવાતને હાથ પગ તથા આખા શરીરમાં ગંભીર જીવલેણ ઈજાઓ થયેલ જેથી તેમને માંગરોળ તથા જુનાગઢ અને ત્યારબાદ રાજકોટની ગીરીરાજ હોસ્પીટલમાં સારવાર અર્થે લઈ ગયેલ ત્યાં તેમનો ડાબો હાથ ખંભાના ભાગેથી કાપી નાખવા ફરજ પડેલ. તેમજ જમણો પગ ગોઠણના નીચેના ભાગેથી ઓપરેશન કરી કાપી નાખવો પડેલ. આ બાબતે કેશોદના નામ. એડી. સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં વળતર અંગે દાવાઓ કરેલ જેમાં બન્નેના દાવા એક સાથે ચાલેલ અને તેમના વકીલ મારફત પુરાવાઓ લેવામાં આવેલ અને પી.જી.વી.સી.એલ.ની બેદરકારીને કારણે વીજ વાયર તુટવાને કારણે સોટ લાગ્યો હોવાનું પૂરવાર કરેલ. જેના સામે ગુજરનાર ફારૂકના વારસદારોને વળતરની વ્યાજ સહિતની કુલ રકમ રૂા.૧૨,૦૦,૦૦૦/- તેમજ તેમના ભાઈ દાઉદને વ્યાજ સહિત કુલ રૂા. ૨૨,૦૦,૦૦૦/- એમ બન્નેને કુલ મળી અંદાજે રૂા.૩૪,૦૦,૦૦૦/- જેવી રકમ ચુકવવા પી.જી.વી.સી.એલ. સામે નામ. કોર્ટે હુકમ કરેલ છે. આ કામના બન્ને ભોગ બનનાર વતી જુનાગઢના એડવોકેટ યુસુફ એસ. કરૂડ તથા ભાવેશ બી. રાખોલીયા રોકાયેલા હતા.

## ચાર ધામ - ૧૨ જ્યોર્તિલિંગનાં દર્શન સાથે ભારત ભ્રમણ ઉપર નિકળેલો યુપીનો યુવક પદયાત્રા કરી સોમનાથ પહોંચ્યો

**બે વર્ષ અને એક માસના સમયગાળામાં ૧૧,૫૦૦ કી.મી.ની પદયાત્રા પૂર્ણ કરી**

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૨

ચારધામ અને ૧૧ જ્યોતિર્લિંગની પરિક્રમા સાથે ભારત ભ્રમણ પર પોતાના શ્વાન સાથે નીકળેલો ઉત્તર પ્રદેશનો યુવક સોમનાથ ખાતે આવી પહોંચ્યો છે. બે વર્ષ પૂર્વે તા.૧ નવેમ્બર ૨૦૨૨ ના રોજ ઉત્તરાખંડના બદ્રીનાથ ખાતે થી પોતાના પ્રિય શ્વાન બટર સાથે ઉત્તર પ્રદેશના ગૌતમ બુદ્ધ નગર નોઈડામાં રહેતો યતી ગૌડ નામનો ૨૭ વર્ષીય યુવક બે વર્ષ એક માસ અને ૧૧ દિવસ ની પદયાત્રા પૂર્ણ કરી સોમનાથ જ્યોતિર્લિંગના દર્શનાર્થે આવી પહોંચ્યો છે. પદયાત્રા સાથે ભારત ભ્રમણ નીકળેલા યુવક યતી ગૌડએ મીડિયા સાથેની વાતચીત કરતા કહેલ કે, પદયાત્રાનો કોઈ વિશેષ ઉદેશ નથી પરંતુ ભારત દેશના દરેક ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં વસતા નાગરિકોની રહેણી કહેણી, સંસ્કૃતિથી રૂબરૂ થવા માટે ભારત ભ્રમણ ઉપર નીકળેલ છે. પોતાના પ્રિય શ્વાન બટર સાથે છેલ્લા ૨ વર્ષથી પદયાત્રા કરી રહેલ યુવક યતી ગોડેએ જણાવ્યું હતું કે, આવડી યાત્રામાં પોતે અને બટરને ક્યારેય ભૂખ્યું રહેવું નથી પડ્યું અને ક્યારેય કોઈના દુર્વ્યવહારનો ભોગ નથી બનવું પડ્યું એ આપણા ભારત વર્ષની સંસ્કૃતિ ને ઉજાગર કરે છે. ઉત્તરાખંડના બદ્રીનાથથી શરૂ કરેક પરિક્રમા ફરી બદ્રીનાથ ખાતે જ પૂર્ણ કરશે. અંદાજે ૧૫ હજાર કી. મી. ની પદયાત્રામાં યુવકે ૧૧,૫૦૦ કી. મી.ની યાત્રા સફળતા પૂર્વક પૂર્ણ કરી છે. સોમનાથ જ્યોર્તિલિંગના દર્શન સાથે ૧૧ જ્યોર્તિલિંગ અને ત્રણ ધામના દર્શન પરિપૂર્ણ કર્યા છે. આગામી દિવસોમાં સોમનાથથી અંતિમ ચરણમાં દ્વારકાધીશ મંદિર અને નાગેશ્વર જ્યોર્તિલિંગના દર્શન કરી ચાર ધામ અને ૧૨ જ્યોર્તિલિંગના દર્શનની કામના પૂર્ણ કરશે અને ફરી ઉત્તરાખંડ બદ્રીનાથ પહોંચ્યા બાદ પદયાત્રાની પરિક્રમા પૂર્ણ કરશે. બદ્રીનાથથી પદયાત્રાનો પ્રારંભ કરી ઉત્તર પ્રદેશમાં કાશી વિશ્વનાથ, બિહારમાં ગયા વિષ્ણુપદ મંદિર, મહા મંગલાગોરી મંદિર, ઝારખંડમાં બૈધનાથ મંદિર, ઓરિસ્સામાં જગન્નાથ પુરી, આંધપ્રદેશમાં મલ્લિકાર્જુન અને તિરૂપતિ બાલાજી મંદિર, તામિલનાડુમાં રામેશ્વરમ, મદુરાઈમાં મીનાક્ષી અમ્મા મંદિર, મહારાષ્ટ્રમાં ભીમાશંકર, ત્રમ્બેકશ્વર, ગુરૂણેશ્વર, મધ્યપ્રદેશમાં ઓમકારેશ્વર, મહાકાલેશ્વર બાદ ગોધરા થઈ ગુજરાતમાં ચોટીલા ચામુંડા માતાજી મંદિર, ગિરનાર પર્વત પર ગુરૂ દત્તાત્રેયના દર્શન કરી ગઈકાલે સોમનાથ મહાદેવના દર્શનાર્થે આવી પહોંચ્યો હતો અને દ્વારકા જવા માટે ફરી પદયાત્રાનો પ્રારંભ કર્યો. દ્વારકા નાગેશ્વર જ્યોતિર્લિંગ અને દ્વારકાધીશ ધામનો દર્શન કરી ચારધામ અને બાર જ્યોતિર્લિંગ પૂર્ણ કરશે જ્યારે



પદયાત્રા ફરી ઉત્તરાખંડમાં બદ્રીનાથ પહોંચી પૂર્ણ કરશે.

## માંગરોળ પાલિકાએ દુકાનદારોને છપરા હટાવવા સુચન કરતા વેપારીઓમાં કકળાટ

**શહેરના દૂકાનદારોએ ધારાસભ્ય ભગવાનજી કરગઠીયાને રજૂઆત કરી : ધારાસભ્ય દ્વારા આશ્વાસન આપવામાં આવ્યું**

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા. ૧૨

માંગરોળ પાલિકા તંત્ર દ્વારા શહેરના દૂકાનદારોને એક અઠવાડિયામાં દૂકાન બહાર નિકાળેલા છાપરા હટાવી લેવા મૌખિક જાણ કરવામાં આવતા વેપારીઓ અને દૂકાનદારોમાં કકળાટ શરૂ થઈ ગયો હતો. વરસાદી પાણી અને તડકાથી બચવા મોટા ભાગના દૂકાનદારો સામાન્ય રીતે દૂકાનના દરવાજાઓ ઉપર છાપરૂ બનાવતા હોય છે જેમાં દુકાનનો શાહીનબોર્ડ પણ આવી જતો હોય છે. આવા તમામ છપરાઓ હટાવી લેવા પાલિકાનું ફરમાન થતા વેપારીઓમાં નારાજગી વ્યાપી ગઈ હતી. માંગરોળ શહેરના નાનાં દૂકાનદારો અને વેપારીઓ દ્વારા ધારાસભ્યને કરી મૌખિક રજૂઆત કરી હતી. નાના નાના વેપારીઓએ બહાર કાઢેલાં છાપરાં તેમજ ટ્રાફિક સમસ્યા અને પાથરણાં વાળાની અડચણો સહીતની અનેક સમસ્યાઓની રજુઆત કરી હતી. વેપારીઓને કનળગત થતા પ્રશ્નો બાબતે ધારાસભ્યએ પાલિકાના ચીફ ઓફિસરનો ટેલિફોનિક સંપર્ક કર્યો હતો અને વેપારીઓનાં પ્રશ્નોનો નિકાલ કરવા આશ્વાસન આપ્યું હતું.



## ટેકાના ભાવથી તમામ ખેત જણસી ખરીદવાની સરકારની જાહેરાતને હર્ષભેર વધાવતું રાજકોટ જીલ્લા ભાજપ કિસાન મોરચો : ઢુંમર, ડાભી, રામાણી

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૨

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે શુક્રવારે સંસદમાં જાણવાયું હતું કે દેશના ખેડૂતોની દરેક નાનામાં નાની જણસીઓ કેન્દ્ર સરકાર ટેકાના ભાવથી ખરીદશે. અત્રે ઉલ્લેનખનીય છે કે વર્ષ ૨૦૦૪માં બનેલ સ્વામીનાથન કમિશને પોતાનો છેલ્લો રિપોર્ટ ઓકટોબર ૨૦૦૬માં કેન્દ્રની તત્કાલીન યુ.પી.એ. સરકારને સુપરત કર્યો હતો અને એમાં ખેડૂતો માટે લાભદાયી અનેક ભલામણો હતી. કમનસીબે ૨૦૧૪ સુધી કેન્દ્રમાં શાસન કરી રહેલી યુપીએ યુપીઅ સરકારે સ્વામીનાથન કમિશન રિપોર્ટની ભલામણો સ્વીકારવી તો દૂર, વાંચવાની પણ તસ્દી લીધી નહોતી લીધી. ૨૦૧૪માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી ભારતીય જનતા પક્ષની સરકાર બનતા જ વડાપ્રધાન મોદીએ સ્વામીનાથન કમિશન રિપોર્ટની ભલામણો પર ગંભીરતાપૂર્વક કામ ચાલુ કર્યું અને એમ.એસ.પી. ગણવાની ફોર્મ્યુલા બદલીને ખર્ચના ૧.૫ ગણી એમ.એસ.પી. આપવાની શરૂઆત કરી હતી. માત્ર એટલું જ નહિ, પણ ટેકાના ભાવોની જાહેરાત ખેડૂત વાવણી કરે એ પહેલા થઈ જાય એ માટેની વ્યવસ્થાઓ પણ લાગુ કરી.પરિણામે ખેડૂતોને કયા પાકની વાવણી કરવી અને એનો ભાવ કેટલો મળશે એ અગાઉથી જ જાણકારી મળવા લાગી.આ નિર્ણયને રાજકોટ જીલ્લા ભાજપ કિસાન મોરચા પ્રમુખ વિનુભાઈ ઢુંમર, મહામંત્રી અનિરૂધ્ધસિંહ ડાભી, વલ્લભભાઈ રામાણીએ હર્ષભેર વધાવ્યો હતો. તેમ રાજકોટ જીલ્લા પ્રેસ મીડિયા ઈન્ચાર્જ રાજેશભાઈ ગોંડલીયા અને સહ- ઈન્ચાર્જ પ્રકાશભાઈ સોલંકીની યાદીમાં જણાવે છે.

## ગુજરાતને ટેક્નોલોજીનું હબ બનાવશે 'ટેક એક્સ્પો ગુજરાત ૨૦૨૪', ૩૦૦૦થી વધુ આંતરપ્રિન્યોર્સ અને લિડર્સ એકમંચ ઉપર

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૨

ટેક એક્સ્પો ગુજરાત ૨૦૨૪, રાજ્યનો સૌથી મોટો ટેક્નોલોજી એક્સ્પો છે, જે ગુજરાતમાં ટેક્નોલોજી લેન્ડસ્કેપને બદલવા માટે તૈયાર છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉદ્‌ઘાટન થનાર આ પ્રીમિયર ઈવેન્ટ ગુજરાતમાં IT બિઝનેસમાં સહયોગ, નવીનતા અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશનને આગળ વધારવા અને વિકાસાવવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બની રહેશે. સાયન્સ સિટીમાં વિજ્ઞાન ભવન ખાતે ૨૦ અને ૨૧ ડિસેમ્બરના રોજ અમદાવાદ IT મેનેજમેન્ટ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સના સહયોગથી યોજાનાર આ એક્સ્પોમાં ૩૦૦૦થી વધુ પાર્ટિસિપન્ટ્સ એકસાથે આવશે, જેમાં આંતરપ્રિન્યોર્સ, લિડર્સ, સ્ટાર્ટઅપ્સ, ઈન્વેસ્ટર્સ અને પોલીસમેકર્સ પણ સામેલ થશે, અને અગ્રણી ટેક કંપનીઓના ઘણા C-લેવલ એક્ઝિક્યુટિવ્સ અને ટેક્નોલોજી હેડ પણ પાર્ટિસિપન્ટ્સ તરીકે જોડાશે. પાર્ટિસિપન્ટ્સને ભાવિ ગ્રાહકો અને ભાગીદારો શોધવા, મજબૂત બ્રાન્ડ ઓળખ બનાવવા અને તેમના સાહસોને વધારવા અને સ્કેલ કરવા અર્થપૂર્ણ ચર્ચામાં જોડાવવાની તક મળશે. ટેક એક્સ્પો ગુજરાત ૨૦૨૪ના લીડરશિપ ટીમ તરલ શાહે જણાવ્યું હતું કે, "ટેક એક્સ્પો ગુજરાત ૨૦૨૪ ગુજરાતમાં આ પ્રકારનો સૌથી મોટો ટેક એક્સ્પો હશે અને ગ્રાઉન્ડબ્રેકિંગ સહયોગ દ્વારા રાજ્યમાં ડિજિટલ લેન્ડસ્કેપના વિકાસમાં યોગદાન આપશે. ઉદ્યોગના અગ્રણીઓ સાથે જોડાવાની અને તેમની પાસેથી શીખવાની આ એક અનોખી તક છે. નવીન તકનીકોના પ્રદર્શન દ્વારા મોટા લક્ષ્યમાં ગ્રાહકો સુધી પહોંચી શકાશે. પાર્ટિસિપન્ટ્સ અને પાર્ટનર તરફથી જબરજસ્ત પ્રતિસાદ રહ્યો છે. ૧૩૦ બૂથ, ૨૦થી વધુ સ્પીકર્સ અને ૫૦થી વધુ પાર્ટનર્સ સાથે, એક્સ્પોમાં IT નિષ્ણાંતો અને ઉદ્યોગના અગ્રણીઓ સક્સેસ સ્ટોરીઝ અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન ઉપર ચર્ચા સહિતની મૂલ્યવાન બાબતો ઉપર આંતરદષ્ટિ પ્રદાન કરશે. જેમનો ઉદ્દેશ્ય ગુજરાતના ટેક ફ્યુચરને આકાર આપવા માટે નવીનતા અને સહયોગ સાથે બિઝનેસ અને સ્ટાર્ટઅપ્સને સશક્ત બનાવવાનો છે. આ એક્સ્પો શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્ય સંભાળ પ્રદાતાઓ, સરકારી સંસ્થાઓ, રિટેલર્સ, સ્ટાર્ટઅપ્સ, બેંકિંગ અને વીમા ક્ષેત્ર, નાણાકીય સેવા પ્રદાતાઓ, ટ્રાવેલ ઈન્ડસ્ટ્રી, ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરર્સ, ફાર્મા કંપની, ટેક્સટાઈલ, FMCG, સિરામિક, ઓટોમોબાઈલ, કેમિકલ કંપનીઓ સહિત વિવિધને ઉપયોગી રહેશે. GESIA, નોલેજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ASSOCHAMના સહયોગથી, ટેક એક્સ્પો ગુજરાત ૨૦૨૪ પાર્ટીસિપેટ્સને લીડ જનરેટ કરવા અને અગ્રણી ઈન્ડસ્ટ્રી લિડર્સ અને સંભવિત ગ્રાહકો સાથે જોડાવા માટે વિવિધ તકો પ્રદાન કરશે.



## જેતપુરમાં સદ્‌ભાવ સર્વેજ્ઞાતિ લગ્ન સમિતિ દ્વારા ૧૩ માં સમૂહ લગ્ન યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જેતપુર, તા.૧૨

જેતપુર શહેરની સામાજીક સંસ્થા સદ્‌ભાવ સર્વેજ્ઞાતિ લગ્ન સમિતિ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ સ્વ. કલ્પેશ વિઠ્ઠલભાઈ રાદડિયાની પુણ્ય સ્મુતિ નિમિતે ૧૩ માં સર્વજ્ઞાતિ સમૂહ લગ્નનું આયોજન પ્રમુખ અનિલભાઈ કાછડીયાની આગેવાનીમાં આગામી ૧૫/૧/ ૨૦૨૫ના રોજ કરવામાં આવનાર છે. આ સમુહલગ્નમાં જોડાવા ઈચ્છતા યુવક યુવતીના વાલીઓએ અનિલભાઈના કાર્યાલય નાગબાઈ ધાર, કેનાલ પાસે નવાગઢનો સંપર્ક કરવો સાથે લાવવાના ડોકયુમેન્ટમાં જન્મ તારીખનો દાખલો, સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ, આધારકાર્ડ, કુપનની પ્રમાણિત નકલ સાથે સંપર્ક કરવો. આ સમૂહ લગ્નમાં જોડાનાર નવદંપતીઓને કરિયાવરમાં સોનાચાંદી સહીતની ૧૦૦થી વધુ વસ્તુ આપવામાં આવ છે. સેવાના રંગે રંગાયેલા અનિલભાઈ કાછડીયા દ્વારા કુલ ૧૧૦થી વધુ મેગા રક્તદાન કેમ્પો સર્વેજ્ઞાતિ સમૂહલગ્નો ધાર્મિક ઉત્સવો ભવ્ય શોભાયાત્રા નું આયોજન કરવામાં આવેલ છે ઉપસ્થિત વડીલોને હરિદ્વાર, ઋષિકેશ, દ્વારકા, સોમનાથ, સારંગપૂર જેવા ધાર્મિક સ્થળો એ યાત્રા કરાવેલ છે. આસમૂહ લગ્ન ને સફળ બનાવવા કાર્યકર્તાઓ જહેમત ઉઠાવી રહયા છે વધુ વિગત માટે અનિલભાઈ કાછડીયા મો ૯૯૨૫૩૩૬૫૮૭ ઉપર સંપર્ક કરવા જાણવાયું છે.

## ગીર સોમનાથમાં તા.૨૫ નવેમ્બરથી ૧૦ ડિસેમ્બર સુધી મહિલાઓ વિરૂધ્ધ થતી હિંસા નાબુદી અભિયાનની ઊજવણી કરાઇ

**જીલ્લાની વિવિધ શાળાઓ, કોલેજો, સંસ્થાઓ, શહેરી અને ગ્રામીણ સમુદાયની મહિલાઓને માર્ગદર્શન અપાયું**

ગીર સોમનાથ તા.૧૨

સમગ્ર વિશ્વમાં તા.૨૫ નવેમ્બર (International Day for the Elimination of Violence against Women)થી ૧૦ ડિસેમ્બર (Human Rights Day) સુધી મહિલાઓ વિરુધ્ધ થતી હિંસા નાબૂદી અભિયાન અંતર્ગત ૧૬ દિવસ સુધી જાગૃતિકરણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યની મહિલાઓ સામાજિક, આર્થિક, માનસિક અને શારીરિક રીતે સંપન્ન તથા સમાજમાં ગૌવરભર આગળ વધે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ આયોજન હાથ ધરવામાં આવે છે. મહીલાઓના સર્વાંગી વિકાસના મહત્વના પરિબળો જેવા કે સુરક્ષા, સ્વાવલંબન, કલ્યાણ અને સ્વાસ્થ્ય વગેરે ક્ષેત્રોમાં મહિલાઓ સક્ષમ થાય તે હેતુસર મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તા.૨૫ નવેમ્બર થી ૧૦ ડીસેમ્બર-૨૦૨૪ સુધી "મહિલાઓ વિરુધ્ધ થતી હિંસા નાબૂદી અભિયાન" અંતર્ગત ૧૬ દિવસ સુધી મહિલાઓ અને કિશોરીઓ પર થતી જાતિગત હિંસા સંબંધિત મુદાઓને અનુલક્ષી ઉજવણી કરવામાં આવે છે.

ગીર સોમનાથ જિલ્લામાં તા.૨૫ નવેમ્બરથી તા.૧૦ ડીસેમ્બર-૨૦૨૪ સુધી જાતિગત સંવેદનશીલતા, મહિલા હેલ્પ લાઈન, ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫, પોકસો એકટ-૨૦૧૨, કામકાજના સ્થળે મહિલાઓને જાતીય સતામણી, બાળ લગ્ન પ્રતિબંધિત અધિનિયમ-૨૦૦૬, શાળા કોલેજમાં સાયબર સેફટી, ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ હેઠળ વિકટીમ કમ્પનશેસન અને ખાસ અધિકારો દિવસની ઉજવણી જિલ્લાની વિવિધ કોલેજો, શાળાઓ, સંસ્થાઓ, શહેરી અને ગ્રામીણ સમુદાયની મહિલાઓ સાથે રાખી ઉજવણી કરવામાં આવી હતી.

# રિજીયોનલ સાયન્સ સેન્ટર રાજકોટ દ્વારા વર્ષ ૨૦૨૪ના ‘નોબેલ પ્રાઈસ ડે’ નિમિત્તે ખાસ કાર્યક્રમ યોજાયો

## વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતો દ્વારા તેમના વર્ષ ૨૦૨૪ના નોબેલ પ્રાઈઝ મેળવેલ શોધો વિષેની માહિતી પ્રદાન કરવામાં આવી





રાજકોટ તા. ૧૨

રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટમાં ૧૦ ડિસેમ્બર ૨૦૨૪, મંગળવારના રોજ નોબલ પ્રાઈઝ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. રિજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ “લોકો દ્વારા,લોકો થકી” થીમ આધારિત વિવિધ વૈજ્ઞાનિક દિવસો, વૈજ્ઞાનીકોના જન્મદિવસો, શોધો, અને વર્કશોપ, વગેરે આયોજિત કરે છે. રિજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ દ્વારા તા.૧૦ ડિસેમ્બર મંગળવારના રોજ ‘નોબેલ પ્રાઈઝ ડે’ની ઉજવણી કરવામાં આવી હતી.

તા.૧૦ ડિસેમ્બર એ નોબેલ પ્રાઈઝના સ્થાપક સર આલ્ફ્રેડ નોબેલની પુણ્યતિથિ છે. આ દિવસને ‘નોબેલ પ્રાઈઝ ડે’ તરીકે ઉજવવામાં આવે છે. સર આલ્ફ્રેન્ડ નોબેલ દ્વારા વર્ષ ૧૮૯૫માં આ દિવસની સ્થાપના કરવામાં આવી હતી. વર્ષ ૧૯૦૧થી ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, દવા, સાહિત્ય, શાંતિ, અને અર્થશાસ્ત્ર જેવા અલગ-અલગ ક્ષેત્રોમાં દર વર્ષે નોબેલ પુરસ્કાર આપવામાં આવે છે.

રિજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટમાં થીમ આધારિત ૬ ગેલેરીઓ આવેલી છે. જેમાં ભારતની સર્વપ્રથમ કહી શકાય તેવી નોબલ પ્રાઈઝ ગેલેરી વિકસાવવામાં આવેલ છે, જે ભૌતિકશાસ્ત્રને સમર્પિત છે. આ ગેલેરીમાં ૧૯૦૧ થી ૨૦૨૪ સુધીના ૨૨૧ જેટલા ભૌતિકશાસ્ત્રીઓ કે જેમને નોબેલ પારિતોષિકથી સન્માનિત કરવામાં આવેલ છે, તેમની રસપ્રદ માહિતી પ્રદર્શિત કરવામાં આવેલ છે. રીજીયોનલ સાયન્સ સેન્ટર, રાજકોટ દ્વારા તા.૧૦ ડીસેમ્બરના રોજ નોબેલ પ્રાઈઝ ડે નિમિત્તે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી, ફિઝિયોલોજી અથવા મેડિસિન માટે નોબલ પ્રાઈઝ મેળવનાર લેટેસ્ટ ડીસ્કવરી પર એક્સપર્ટ લેક્ચરનું આયોજન કરેલ હતું, જેમાં વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતો દ્વારા તેમના વર્ષ ૨૦૨૪ના નોબેલ પ્રાઈઝ મેળવેલ શોધો વિષેની માહિતી પ્રદાન કરવામાં આવી હતી. આ ઉપરાંત સાંજે નોબેલ પ્રાઈઝ એવોર્ડ સેરેમનીનું જીવંત પ્રસારણનું આયોજન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમની શરૂઆતમાં રીજીયોનલ સાયન્સ સેન્ટર, રાજકોટના પ્રોજેક્ટ ડાયરેક્ટર ડો.સુમિત વ્યાસ દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ કાર્યક્રમને આગળ વધારતા ઉપસ્થિત નિષ્ણાંતોમાં ડો.જીતેન્દ્ર જટાશંકર રાવલ કે જેઓ પ્રખ્યાત ખગોળશાસ્ત્રી છે, તેઓએ કાર્યક્રમને સંબોધિત કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. ત્યારબાદ ભૌતિકશાસ્ત્ર ક્ષેત્રે ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિક્સમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડો.સાવન કત્બાએ આર્ટિફિશિયલ ન્યુરલ નેટવર્કની શોધ ઉપર માહિતી આપી હતી. ન્યુરોન્સ એક પ્રકારના સેલ છે. જે ઈલેક્ટ્રીકલ અને કેમિકલ સિગ્નલ પસાર કરે છે. મશીન લર્નિંગ વિથ ન્યુરલ નેટવર્કનો ઉપયોગ કેન્સરની સારવારમાં, રોબોટિક સર્જરી, ટ્રાફિક મેનેજમેન્ટ, ઓટોમોબાઈલ વ્હીકલ, અને ક્રોપ મોનિટરિંગમાં થાય છે. ડો.હર્ષ પુરોહિત કે જેઓ ડિપાર્ટમેન્ટ ઓફ માઈક્રોબાયોલોજીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. તેઓએ મેડિસિન વિભાગમાં માઈક્રો RNAનો ઉપયોગ જીન રેગ્યુલેશન, ડેવલોપમેન્ટ પ્રોસેસ, ડીસીઝ એસોસિએશન જોવા માટેની માહિતી સરળ ભાષામાં આપી હતી. ત્યારબાદ ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ ડો.અનામિક શાહ કે જેમણે રસાયણ શાસ્ત્રમાં Ph.D કરેલ છે અને તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે પોતાની ફરજ પણ નિભાવી ચૂક્યા છે, તેમણે રસાયણશાસ્ત્રમાં મળેલ નોબેલ પ્રાઈઝ કોમ્પ્યુટેશનલ ઓફ પ્રોટીનની માહિતી આપી હતી, જેમાં તેઓએ રસપ્રદ મહિતી આપેલ હતી જેમકે એક ન્યુરોનમાં બે અબજ જેટલા પ્રોટીન હોય છે. પ્રોટીનનું આયોજન કેવી રીતે થાય છે અને આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સની મદદથી નવા પ્રોટીન કેવી રીતે બનાવી શકાય છે. આ સાથે નોબલ પ્રાઈઝ સમારોહ કે જે દર વર્ષે સ્કોટહોમ સ્વીડન ખાતે યોજાય છે તેનું જીવંત પ્રસારણનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓ એ ભાગ લીધો હતો.

# જૂનાગઢ મહિલા શરાફી મંડળી દ્વારા ચિલ્ડ્રન હોમના બાળકોને સ્કુલ બેગનું વિતરણ કરાયું





જૂનાગઢ તા. ૧૨

તાજેતરમાં શ્રી જૂનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી લી. દ્વારા ચિલ્ડ્રન હોમના બાળકોને સ્કુલ બેગનું વિતરણ કરવામાં આવેલ હતું અને રાત્રીનું ભોજન પણ મંડળી તરફથી આપવામાં આવેલ હતું. આ પ્રસંગે પ્રમુખશ્રી રસિલાબેન સોઢાએ ચિલ્ડ્રન હોમના બાળકોને અને ત્યાંના સ્ટાફને બીરદાવેલ હતા તથા પ્રાર્થના સાધનાબેન નિર્મળએ કરેલ તેમજ આભાર વિધી રૂપલબેન લખલાણીએ કરેલ હતી. અલ્કાબેન ઉપાધ્યાય, જશુમતીબેન મહેતા, અમીષાબેન માંકડ, ઝંખનાબેન ભીંડોરા તેમજ સ્ટાફ મેમ્બર તન્વીબેન વૈશ્નવ, કૃપાલીબેન જીકરીયા અને નરેન્દ્રભાઈ ઘુચલા વગેરે હાજર રહેલ હતા અને ભાવવિભોર વાતાવરણ વચ્ચે કાર્યક્રમ સંપન્ન થયેલ હતો.

# ઉના વાંઝા દરજી સમાજ દ્વારા ભવ્ય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

ઉના તા. ૧૨

આગામી તા. ૨૯-૧૨-૨૪ ને રવિવારના રોજ સુગર ફેક્ટરી ગીર ગઢડા રોડ મોદી ગ્રાઉન્ડ ઉના ખાતે વાંઝા દરજી સમાજ દ્વારા સતત ૧૦ વર્ષ પૂર્ણ કરી આ વર્ષે ૧૧મી ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે.



આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં આમંત્રિત મહેમાનો તરીકે શ્રી વાંઝા દરજી સમાજ ગીર સોમનાથ જિલ્લાના પ્રમુખ રાજુભાઈ બાલુભાઈ ચુડાસમા (કોડીનાર), સમસ્ત અખિલ દરજી સમાજના ઉપપ્રમુખ મોહનભાઈ ધીરૂભાઈ ઘેરવડા (વેરાવળ ), ઉના નગરપાલિકા સદસ્ય અલ્પેશભાઈ બાંભણિયા, ભાવનગર મીડિયા ન્યુઝના તંત્રી સંજયભાઈ ડાભી (ભાવનગર), અગ્રણી યુવા કાર્યકર કેતનભાઈ રાઠોડ (ભાવનગર) ગંગાસાગર રેસ્ટોરન્ટ ઉના ભરતભાઈ બાંભણિયા, ઉપસ્થિત રહેશે અને આ ટુર્નામેન્ટમાં રમવા આવેલ ટીમોને શુભેચ્છાઓ પાઠવશે.

આ ટુર્નામેન્ટમાં કુલ ૮ ટીમો ભાગ લેશે. જેમાં ૧. હિંગળાજ ઈલેવન ઉના A,૨. હિંગળાજ ઈલેવન ઉના B, ૩. જય માતાજી ઈલેવન કોડીનાર, ૪. અજય ઈલેવન સુત્રાપાડા, ૫. ઉમેશ ઈલેવન પોરબંદર, ૬. ખતરો કે ખિલાડી ઈલેવન અમરેલી, ૭. સ્ટાર ઈલેવન સુરત, ૮. પીઠડ ઈલેવન સુરતનો સમાવેશ થાય છે. આ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે આયોજકો પ્રફુલભાઈ બી. ઝાલા ઉના (૯૮૨૪૯૪૩૬૦૨), પાર્થ જેઠવા ઉના (૯૭૭૩૧-૪૩૨૭૭), નીલેશભાઈ બોરખતરયા (૮૭૯૯૬-૦૬૩૬૧), મયુરભાઈ વાઘેલા (૯૩૨૮૨૫૨૪૫૬) જહેમત ઉઠાવી રહયા છે.

# ૧ લી ડીસેમ્બર-૨૦૨૪ ‘વિશ્વ એઈડ્સ દિવસ’ના અનુસંધાને આર.ડી.એન.પી.પ્લસ દ્વારા યોજાયેલ કાર્યક્રમ

## તા. ૧-૧૨-૨૦૨૪ થી ૧૦-૧૨-૨૦૨૪ સુધી અલગ-અલગ શહેરોમાં કાર્યક્રમો યોજવામાં આવ્યા







(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૧૨

(૧) તા.૨૯-૧૧-૨૦૨૪ ના રોજ સવારે ૯.૦૦ વાગ્યે, જસદણ તાલુકાની કહોર કોલેજમાં અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવેલ, જેમાં કોલેજના ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓને એચ.આઈ.વી./ એઈડ્સ અવેરનેસ કાર્યક્રમ કરવામાં આવેલ હતો.

(૨) તા. ૦૧-૧૨-૨૦૨૪ ના રોજ સવારે ૭.૩૦ વાગ્યે, રાજકોટ બાલભવનથી રીંગ રોડ પર એઈડ્સ વોક રેલી યોજવામાં આવેલ હતી. આ રેલી આર.ડી.એન.પી.પ્લસ અને રોટરી ક્લબ ઓફ રાજકોટના સહયોગથી કાઢવામાં આવેલ હતી. જેમાં સંસ્થાના એચ.આઈ.વી.ગ્રસ્ત અને રોટરી ક્લબના મેમ્બર ટોટલ ૧૦૦ સભ્યોએ સાથે મળી જાહેર જનતામાં અવેરનેસ લાવવા રીંગ રોડ પર એઈડ્સ વોક રેલી કાઢવામાં આવેલ હતી.

(૩) તા. ૦૨-૧૨-૨૦૨૪ ના રોજ સવારે ૭.૩૦ વાગ્યે, રાજકોટ ત્રિકોણબાગ ખાતે સિગ્નેચર કેમ્પેઈન કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં ખાસ કરીને કોલેજના વિદ્યાર્થી અને આમ જનતા એચ.આઈ.વી./એઈડ્સ વિષે જાગૃત થાય તે બાબતે સિગ્નેચર કેમ્પીંગ સાથે સાથે એચ.આઈ.વી. ની પ્રાથમિક માહિતી આપવામાં આવેલ હતી.

(૪) તા. ૦૨-૧૨-૨૦૨૪ ના રોજ સવારે ૯ વાગ્યે ગોંડલ ખાતે મોંઘીબા હાઈ સ્કુલમાં એચ.આઈ.વી. અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં સ્કુલની ૧૫૦ જેટલી બાળાઓ અને સ્કુલ સ્ટાફે હાજરી આપેલ હતી. આ કાર્યક્રમમાં એચ.આઈ.વી.ની પ્રાથમિક માહિતી, આપવીતી, અને એચ.આઈ.વી. બાબતે જાગરૂકતા લાવવા સમજ આપેલ હતી.

(૫) તા. ૦૨-૧૨-૨૦૨૪ ના રોજ સવારે ૧૦.૩૦ વાગ્યે જિલ્લા વહીવટી તંત્ર, કલેકટર કચેર, આર.એમ. સી.ઓફીસમાં રેડ રિબન કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં એચ.આઈ.વી.વિષે અવેરનેસ લાવવા અધિકારીઓને રેડ રિબન બાંધવામાં આવેલ હતું.

(૬) તા. ૦૩-૧૨-૨૦૨૪ ના રોજ સવારે ૯ વાગ્યે ધોરાજી ખાતે, કે.ઓ.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ૨૦૦ વિદ્યાર્થી સાથે એચ.આઈ.વી./એઈડ્સ અવેરનેસ કાર્યક્રમ” કરવામાં આવેલ હતું.

(૭) તા. ૦૩-૧૨-૨૦૨૪ ના રોજ સવારે ૧૦.૩૦ વાગ્યે ધોરાજી ખાતે, સરકારી કન્યા શાળા ના ૨૦૦ વિદ્યાર્થી સાથે એચ.આઈ.વી./એઈડ્સ “અવેરનેસ કાર્યક્રમ” કરવામાં આવેલ હતો.

(૮) તા. ૦૪-૧૨-૨૦૨૪ ના રોજ સાંજે ૪ વાગ્યે રાજકોટ જુની કલેકટર કચેરી, પ્રાંત-૧ કોન્ફરન્સ હોલમાં, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ સાથે “અવેરનેસ, સેન્સીટાઈઝેશન, એડ્વોકેશી કાર્યક્રમ" યોજવામાં આવેલ, જેમાં અધિકારીઓને એચ.આઈ.વી.ગ્રસ્ત લાભાર્થીને પડતી સરકારી દસ્તાવેજની મુશ્કેલીઓ, સંસ્થાની માહિતી, એચ.આઈ.વી.ની. પ્રાથમિક માહિતી, ટી.બી.ની પ્રાથમિક માહિતી આપવામાં આવેલ હતી.


(૯) તા. ૦૫-૧૨-૨૦૨૪ ના રોજ સવારે ૯ વાગ્યે રાજકોટ ખાતે જે.જે.કુંડલીયા કોલેજના ૧૦૦ વિદ્યાર્થી સાથે એચ.આઈ.વી./એઈડ્સ “અવેરનેસ કાર્યક્રમ” કરવામાં આવેલ હતો.

(૧૦) તા. ૧૦-૧૨-૨૦૨૪ ના રોજ સાંજે ૪ વાગ્યે ડાલ્સા દ્વારા વિશ્વ એઈડ્સ દિવસ અને માનવ અધિકાર દિવસ મનાવવામાં આવ્યો હતો. આ શિબિરનો અંદાજીત ૧૭૦ જેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ હતો.

આ તમામ કાર્યક્રમોનું આયોજન સંસ્થાના પ્રમુખ જગદીશભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ હતું જેમાં સંસ્થાના સ્ટાફ અને બોર્ડ મેમ્બર દ્વારા કરવામાં આવેલ હતું.

# ગીરસોમનાથ જિલ્લાના પ્રજાભિમુખ લોકનેતા રાજશીભાઈ જોટવાનો આજે ૬૫મો જન્મદિવસ

(પ્રતિનિધિ દ્વારા)



વેરાવળ, તા.૧૨

પ્રભાસ તીર્થના પવિત્ર પરગણામાં આવેલા એવા દધીચી ઋષિની તપોભૂમિ અને જગત જનની મહાકાળી માતાજીના જ્યા બેસણા છે તેવા સમુદ્ર કિનારે આવેલા ગીર સોમનાથ જિલ્લાના રાજકીય એપી સેન્ટર સમા આદ્રી ગામમાં સામાન્ય ખેડૂત પરિવારમાં તા.૧૨/૧૨/ ૧૯૬૦ ના રોજ જન્મેલા રાજશીભાઈ જોટવા એ ૧૯૮૦માં સરપંચરથી પોતાની રાજકીય સફર શરૂ કરી જાહેર જીવનમાં રાજકીય ક્ષેત્રે પ્રવેશ કરી સમગ્ર પંથકમાં ગૌસેવા, સમાજસેવા, સમુહલગ્ન જેવા કાર્યો સાથે પોતાની દીર્ઘ દ્રષ્ટિથી ભવિષ્યમાં ઉપયોગી નીવડે તેવા અનેક વિકાસ કાર્યોની રજુવાત સરકાર કરી તેને મંજુર કરાવી સમગ્ર પંથકના તમામ સમુદાય ને એક તાંતણે બાંધી વિકાસની રાહ બતાવી અપાર લોકચાહના મેળવનાર અડધી રાતના હોંકારા સમાન લોકનેતા એવા સોમનાથ મત વિસ્તારના પૂર્વ ધારાસભ્ય અને ગુજરાત રાજ્ય બીજ નીગમના પૂર્વ ચેરમેન રાજશીભાઈ જોટવાનો આજે જન્મદિવસ છે ત્યારે સમગ્ર રાજ્યમાંથી તેમના ચાહક વર્ગ અને સ્નેહીઓ દ્વારા તેમના મો.નં. ૯૮૨૫૨૬૩૦૭૩ ઉપર તેમના ૬૫માં જન્મદિવસની શુભકામના સાથે પોતાના ઈષ્ટદેવને તેમના નિરોગી દીર્ધાયુની પ્રાર્થના કરવામાં આવી રહી છે.

### અભિવ્યક્તિ - ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની

# છઠ્ઠી આવૃત્તિની ૮મી ડિસેમ્બરે સમાપન સાથે ટોરેન્ટ ગ્રુપના યુ.એન.એમ. ફાઉન્ડેશન દ્વારા સાતમી આવૃત્તિની જાહેરાત કરવામાં આવી

## આ વર્ષે રેકોર્ડબ્રેક ૩,૨૪,૩૨૫ કલા રસિકોએ કલાના વિવિધ સ્વરૂપોનો આનંદ માણ્યો, આગામી આવૃત્તિ નવેમ્બર, ૨૦૨૫ માં શરૂ થશે

અમદાવાદ તા. ૧૨

ટોરેન્ટ ગ્રૂપના મહેતા પરિવાર પ્રેરિત યુ.એન.એમ. ફાઉન્ડેશનની પહેલ અને ગુજરાતના સૌથી લાંબા સમય સુધી ચાલનાર કલા અને સંસ્કૃતિનો મહોત્સવ “અભિવ્યક્તિ - ધ સિટી આર્ટસ પ્રોજેક્ટ”ની છઠ્ઠી આવૃત્તિનું સમાપન ૮ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ વિવિધ ક્ષેત્રના કલા રસિકોની ઉપસ્થિતિમાં થયો, આ કલા રસિકોએ કલાના વિવિધ સ્વરૂપોનો આનંદ માણ્યો હતો.૧૬ દિવસીય આ કલા મહોત્સવનો પ્રારંભ ૨૧મી નવેમ્બરના રોજ થયો હતો. જેનું સમાપન ૮ ડિસેમ્બર ને રવિવારના રોજ થયું. આ ૧૬ દિવસીય કલા મહોત્સવમાં વિવિધ વય અને ક્ષેત્રોના ૩,૨૪,૩૨૫ થી વધુ કલા રસિકોએ ઉત્સાહ વર્ધક ઉપસ્થિતી રહી હતી. શહેરના લાખો કલા રસિકો ઉપરાંત અમદાવાદના સાબરમતી સ્થિત અનુસંધાન એનજીઓ દ્વારા સ્લમ વિસ્તારોમાં રહેતા ૨૦ થી વધુ બાળકોને આ કલા મહોત્સવની મુલાકાત માટે લાવવામાં આવ્યા હતા. આ બાળકોએ વિવિધ કલા સ્થાપનોને નિહાળીને આનંદની લાગણી અનુભવી હતી. અમદાવાદ શહેરના આંબલી અને અડાલજ વિસ્તારમાં આવેલ બે અલગ અલગ વૃદ્ધાશ્રમના વરિષ્ઠ નાગરિકોએ પણ વિવિધ કલાકારોની પ્રસ્તૃતિઓનો આનંદ માણ્યો હતો. આ મુલાકાત ખાસ કરીને યુ.એન.એમ ફાઉન્ડેશને વધુ એક પહેલ અંતર્ગત આયોજિત કરવામાં આવી હતી. આ પહેલા ગત વર્ષે પાંચમી આવૃતિને પણ ૧.૭૫ લાખ મુલાકાતીઓની રેકોર્ડ સંખ્યા સાથે જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો.

૭મી આવૃત્તિની જાહેરાત સાથે નવી સફરનો પાયો નંખાયો, જે ૨૧ નવેમ્બર, ૨૦૨૫ થી શરૂ થશે અને ૭ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી ચાલુ રહેશે. આ સાથે, છુપાયેલી પ્રતિભા અને વિવિધ શૈલીઓમાં નવા વિચારોની રાષ્ટ્રવ્યાપી શોધ પણ શરૂ થઈ છે. વર્ષ ૨૦૧૮ માં પોતાની પ્રથમ આવૃત્તિથી લઈને અત્યાર સુધી આ અનોખા કલા મહોત્સ્વનને ૫૯૩૬ કલાકારોની અરજીઓ મળી છે અને અત્યાર સુધીની ૬ આવૃત્તિઓમાં કુલ ૧૩૩૫ થી વધુ કલાકારોએ મંચ ઉપર પોતાની પ્રસ્તૃતિ દ્વારા કુલ ૬ લાખથી વધુ કલા રસિક દર્શકોનું મનોરંજન કર્યુ છે. કલા પ્રદર્શનની સફળતા અને છઠ્ઠી આવૃત્તિને મળેલ અભૂતપૂર્વ સમર્થન અંગે ગર્વ વ્યક્ત કરતા યુ.એન.એમ. ફાઉન્ડેશનના ડાયરેક્ટર સુશ્રી સપના મહેતાએ જણાવ્યું હતું કે, “લોકોના આવા અભૂતપૂર્વ પ્રતિસાદ અને ભારતના કલાકારોની અદ્ભુત પ્રતિભા જોઈને અમે આનંદિત છીએ. આ કલા મહોત્સવ વાસ્તવમાં આપણી સમૃદ્ધ સાંસ્કૃતિક ધરોહરનો ઉત્સવ બની ગયો છે અને કલાકારો માટે પોતાના નવા વિચારો અને રચનાત્મકતા અભિવ્યકત કરવાનો ઉત્તમ મંચ બની ચુક્યો છે. અમે આ પરંપરાને આગળ ધપાવવા અને આવનારા વર્ષોમાં તેને વધુ વ્યાપક અને ઉત્તમ બનાવવા તત્પર છીએ.” છઠ્ઠી આવૃત્તિ અગાઉની તમામ આવૃત્તિઓની સરખામણીમાં તમામ બાબતોમાં ચડીયાતી સાબિત થઈ છે. આ આવૃત્તિમાં નૃત્ય, સંગીત, રંગમંચ, દ્રશ્ય કલા સ્થાપન સહિત વિવિધ કલા સ્વરૂપોમાં ૯૬ કલાકારો (૪૭ દ્રશ્ય કલાકારો સહિત) દ્વારા કુલ ૧૪૦ પ્રદર્શન પ્રસ્તૃત કરવામાં આવ્યા હતા. મૌલિકતા અને કલાત્મક અભિવ્યક્તિને પ્રોત્સાહન આપવાની પરંપરાને યથાવત રાખીને, અભિવ્યક્તિની છઠ્ઠી આવૃત્તિ તમામ કલાકારો માટે પોતના વિચાર, સર્જન, પ્રદર્શનને નવી ઓળખ આપવાનો સૌથી લોકપ્રિય મંચ તરીકે ઉભરી આવી છે. ઉત્તરમાં પંજાબ અને દિલ્હી, દક્ષિણમાં તમિલનાડુ, આંધ્રપ્રદેશ, ઓડિશા, પુર્વમાં પશ્ચિમ બંગાળ, આસામ, ત્રિપુરા અને મણિપુર, પશ્ચિમમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર



અને ગોવા સહિત ભારતના વિવિધ ભાગોમાંથી કલાકારો અને કલાકારો દ્વારા રજુ કરવામાં આવેલ મનમોહક પ્રસ્તૃતિઓએ દર્શકોને મનોરંજન પુરૂં પાડવાની સાથે તેમને પ્રેરીત કર્યા હતા.

# રાજાધિરાજ : પ્રેમ-જીવન-લીલા : મેગા-મ્યુઝિકલના સચિન-જીગરે કમ્પોઝ કરેલા અને મંત્રમુગ્ધ કરી દેતા ગીતો, તમામ મ્યુઝિક સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ ઉપર રિલિઝ

## જાણીતા ગીતકાર અને પદ્મશ્રી પુરસ્કાર વિજેતા પ્રસૂન જોશીએ તમામ ગીતોની કરેલી રચના : સંગીતકાર બેલડી સચિન-જીગરે આ મેગા-મ્યુઝિકલ માટે ૨૦ ઓરિજીનલ અને મનમોહક ધૂનની કરેલી રચના




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૨

'રાજાધિરાજ : પ્રેમ...જીવન...લીલા.'' મેગા-મ્યુઝિકલ, કે જેમાં શ્રી કૃષ્ણની યુગો જૂની લીલાઓને સુંદર રીતે જીવંત કરવામાં આવી છે, તે હવે વિશ્વભરના તમામ મ્યુઝિક સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ ઉપર ઉપલબ્ધ છે. દીર્ઘદૃષ્ટા ધનરાજ નથવાણીની વિષય પ્રસ્તુતિ ધરાવતા આ અદભુત મ્યુઝિકલનો સાઉન્ડટ્રેક પ્રખ્યાત સંગીતકાર બેલડી સચિન-જીગરે કમ્પોઝ કર્યો છે, અને તેના ગીતોને જાણીતા ગીતકાર તેમજ પદ્મશ્રી પુરસ્કાર વિજેતા પ્રસૂન જોશીએ કંડાર્યા છે. રોમેરોમને કૃષ્ણમય બનાવી દેવાની સાથે તેની રચનાને તાદશ કરી દઈને સભાગૃહમાં જીવંત વાતાવરણની રચના કરી દેતા ૨૦ ઓરિજીનલ સુમધુર ગીતો હવે સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ ઉપર ઉપલબ્ધ છે. આનાથી દર્શકોને માતા અને પુત્ર વચ્ચેના બિનશરતી પ્રેમ, રાધા અને કૃષ્ણની અવિસ્મરણીય પ્રેમકહાણી, અને બાલગોપાલના તોફાનોની એવી તે સુંદર અને મનમોહક પ્રસ્તુતિ કરાઈ છે કે જેનાથી દર્શકોમાં અનન્ય ભક્તિભાવની લાગણીઓ પ્રજ્જ્વલિત ન થાય તો જ નવાઈ. આ ગીતોને રિલિઝ કરાવા અંગે પોતાના વિચારો પ્રગટ કરતા, ધનરાજ નથવાણીએ કહ્યું હતું કે, ''સંગીત એ કોઈ પણ વ્યક્તિની સંવેદનાઓના તાર ઝણઝણાવી તેને ઉન્નત કરી જાય છે. રાજાધિરાજના ગીતો પણ દરેક પેઢીના શ્રોતાઓ સાથે એક ખાસ બંધન બનાવ્યું છે- અને સંગીત થકી જ શ્રી કૃષ્ણની લીલાઓ તેમના સુધી પહોંચી છે. દિલ્હી અને મુંબઈમાં અમે દર્શકોમાં વ્યાપેલા ઉત્સાહના સાક્ષી રહ્યા છીએ જેણે અમને આ ગીતોને સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ ઉપર રિલીઝ કરવા તરફ પ્રેરિત કર્યા છે. આ મ્યુઝિકલના ૨૦ ટ્રેક છે જેમાંથી અત્યારે અમે ૧૧ને રિલીઝ કરી રહ્યા છીએ. અમને આશા છે કે, આ ગીતોનું સર્જન કરવામાં અમને જેટલો આનંદ આવ્યો તેટલો જ આનંદ દરેકજણ તેને સાંભળતી વેળાએ અનુભવશે." આ સંગીતરચનામાં બુડાપેસ્ટના પાશ્ચાત્ય સિમ્ફનિક તત્ત્વો અને ભારતીય શાસ્ત્રીય સંગીતનું અનોખું મિશ્રણ છે, જેમાં હવેલી સંગીત, રાજસ્થાની અને ગુજરાતી લોકસંગીત, સાપકરા, રાસગરબા અને હિન્દુસ્તાની અર્ધ-શાસ્ત્રીય સંગીત જેવી અનેકવિધ શૈલીઓ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. ભારતના વિવિધ પ્રદેશોની સોડમને સાથે લઈ આવવા માટે આ સંગીતકાર બેલડીએ તબલા, ઢોલક, શરણાઈ સહિત બીજા લોકવાદ્યોનો પણ ઉપયોગ કર્યો છે. શંકર મહાદેવન, શ્રેયા ઘોષાલ, કૈલાશ ખેર, સચિન સંઘવી, પાર્થિવ ગોહિલ, કીર્તિ સાગઠિયા અને જોનીતા ગાંધી જેવા પ્રખ્યાત ગાયકોએ આ ગીતોમાં પોતાનો મધુર કંઠ પીરસ્યો છે. આ જીવંત ગીતોની રચના પાછળના મૂળ વિચારની પ્રસ્તુતિ કરતા, સંગીતકાર સચિન-જીગરે કહ્યું હતું કે, ''આ પ્રોજેક્ટ અમારા માટે ખૂબ જ રસપ્રદ તેમજ અત્યંત પડકારજનક પણ રહ્યો હતો. અમે નાનપણથી જ અમારા દાદા-દાદી પાસેથી શ્રી કૃષ્ણના ગીતો અને તેમની કથાઓને સાંભળીને જ મોટા થયા છીએ. આ સંગીતનાટિકાએ આપણે જે કૃષ્ણને જાણીએ છીએ તેમને દર્શકગણ સુધી પ્રસ્તુત કરવાની તક પૂરી પાડી છે. આમાં ઊંડાણનો ઉમેરો કરવા, અમે પાશ્ચાત્ય અને ભારતીય શાસ્ત્રીય સંગીતનું મિશ્રણ રજૂ કરવાની સાથે અલગ-અલગ લોકવાદ્યોનો ઉપયોગ કરીને તદ્દન અનોખી અને વૈવિધ્યપૂર્ણ મધુર રચનાઓ બનાવી છે. દરેક ગીત બીજા કરતા સાવ અલગ છે, અને દરેક ગીત અમારા હૃદયની અત્યંત સમીપ છે.'' મુંબઈમાં નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર (NMACC) ખાતે અદભૂત પ્રદર્શન બાદ શ્રી કૃષ્ણના જીવન ઉપર આધારિત વિશ્વની સૌપ્રથમ મેગા મ્યુઝિકલ 'રાજાધિરાજઃ પ્રેમ. જીવન. લીલા'નો શો નવેમ્બરના છેલ્લા સપ્તાહમાં દિલ્હીના જવાહરલાલ નેહરુ ઈન્ડોર ઓડિટોરિયમમાં આયોજિત કરાયો હતો.

એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર ભૂમિ નથવાણી આ મ્યુઝિકલ માસ્ટરપીસની પ્રસ્તુતિ કરે છે, જે અદભુત વાર્તામંચન, જીવંત દશ્યો અને આત્માના તાર ઝણઝણાવી દેનારા જીવંત સંગીતનું હૃદયસ્પર્શી મિશ્રણ છે. બંને શહેરોના દર્શકોએ આ શોને અભૂતપૂર્વ પ્રતિસાદ આપ્યો છે અને કલા, સંસ્કૃતિ તથા પરંપરાનો સમૃદ્ધ ત્રિવેણીસંગમ ધરાવતા આ મ્યુઝિકલ શોમાં એક છત્ર હેઠળ અનેક પેઢીઓ તેના થકી એકત્ર થઈ શકી છે. આ મ્યુઝિકલનો ૨૦૨૫માં દુબઈમાં પણ પ્રિમિયર યોજાશે. આ ગીતોનો આનંદ માણવા જિયોસાવન, સ્પોટીફાય, એપલ મ્યુઝીક, યુ ટયુબ મ્યુઝીક ઉપર ઉપલબ્ધ છે.

# ભારતને મળ્યું પ્રથમ AI સંચાલિત સાયબર સુરક્ષા કમાન્ડ કંટ્રોલ સેન્ટર DRONA

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૨



દ્રોણ (ડિટેક્શન રિસ્પોન્સ ઓર્ગેનાઈઝેશન નેટવર્ક એનાલિસિસ) ઈન્ડસ યુનિવર્સિટી, રાંચરડા ખાતે ભારતના પ્રથમ AI સંચાલિત ઈન્ટિગ્રેટેડ સાયબર સિક્યુરિટી કમાન્ડ્સ કંટ્રોલ સેન્ટર (ICSCCC)નો શુભારંભ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે કરવામાં આવ્યો હતો. ગુજરાતના એક યુવા દ્વારા કરવામાં આવેલા સરાહનીય પ્રયાસને બિરદાવતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાતના યુવાને આજે રાજ્યનું જ નહીં પણ સમગ્ર દેશમાં આ પ્રથમ AI લેબ થકી ગુજરાતનું નામ રોશન કર્યું છે. ત્યારે સાયબર ક્રાઈમને રોકવા માટે આ સેન્ટર દ્રોણા થકી ખૂબ સારા પરિણામો મળશે તેવો મને વિશ્વાસ છે. વધુમાં મંત્રીએ ઉમેર્યું હતું કે, સાઈબર સિક્યુરિટી માત્ર ફાઈનાન્સિયલ ફ્રોડ રોકવા માટે જ જરૂરી નથી, પરંતુ વધુમાં વધુ સોશિયલ ઈફેક્ટ રોકવા માટે ઉપયોગી છે. નાના મોટા ફાઈનાન્સિયલ લોસને ફરી કવર કરી શકાય પણ આ સોશિયલ લોસ એ નાગરિકો માટે ઘણું મોટું નુકશાન છે. સાયબર સિક્યુરિટીના ક્ષેત્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સંબોધતા મંત્રીએ સાયબર સિક્યુરિટી અને તેની વર્તમાન સમયમાં જરૂરિયાત અંગેની માહિતી આપી નાગરિકોને સાયબર ફ્રોડથી બચવા જરૂરી તકેદારી રાખવા સૂચન કર્યું હતું. તેમજ સાયબર સિક્યુરિટીના ક્ષેત્રમાં અભ્યાસને યોગ્ય દિશામાં ઉપયોગ કરી વિદ્યાર્થીઓ ભારતનું નામ રોશન કરશે તેવી આશા વ્યક્ત કરી હતી. સાયબર ક્રાઈમને રોકવા માટેના ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવતી કામગીરી વિશે જણાવતા કહ્યું કે, ગુજરાતમાં દરેક પોલીસ સ્ટેશન દીઠ એક સાયબર એક્સપર્ટની નિમણૂક કરવા નિર્ણય લેવાયો છે, ત્યારે ભવિષ્યમાં આ ક્ષેત્રમાં ઘણી મોટી ઓપર્ચ્યુનિટી સાયબર સિક્યુરિટી અંગેનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રાપ્ત થશે. ગુજરાતમાં જેટલા સાયબર ક્રાઈમ થાય છે તે પૈકી મોટાભાગે અર્બન વિસ્તારમાં થાય છે, તેવુ ધ્યાને આવ્યુંછે. સાઈબર ક્રાઈમનો શિકાર સૌથી વધુ ભણેલા લોકોમાં જોવા મળે છે, માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ અને જરૂરિયાત અંગે પણ સૌને સજાગ રહેવા મંત્રીએ સૌ નાગરિકોને વિનંતી કરી હતી.

# વિસાવદર કોર્ટમાં ૧૪મી ડિસેમ્બરે ભવ્ય લોક અદાલતનું આયોજન : તડામાર તૈયારીઓ

(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદર, તા.૧૨

રાષ્ટ્રીય કાનૂની સેવા સમિતિની માર્ગદર્શિકા મુજબ વિસાવદરની ત્રણેય કોર્ટ સહિત સમગ્ર ગુજરાત રાજયમાં તા.૧૪/૧૨/૨૪ને શનિવારના રોજ ભવ્ય લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં પી.જી.વી.સી.એલ.કંપનીના વીજ બીલના તમામ પ્રકારના દાવાઓ તથા કોર્ટના હુકમ બાદ કોર્ટમાં કરવામાં આવેલી રકમ વસુલ કરવાની દરખાસ્તો તથા પાવરચોરીનું બિલ હોય તેવા ગ્રાહકોને વર્તમાન પી.જી.વી.સી.એલ. કંપનીની થ્રિ ટાયર સ્કીમ મુજબ રકમ ભરી ૨૦% કે વધુમાં વધુ રૂપિયા ૨૦,૦૦૦/- તે બન્નેમાંથી જે ઓછું થતું હશે તેનો લાભ આપવામાં આવનાર હોવાનું પણ જાણવા મળેલ છે તેમજ વીજ કંપનીના રકમ ભરવાના જુના કેસોમાં વ્યાજ, કોર્ટ ફી, વકીલ ફી માફ કરી આપવામાં આવનાર છે, બેંકોના લેણા અંગેના દાવાઓ અને દરખાસ્તોમાં તથા પક્ષકારો વચ્ચેના દીવાની દાવાઓ તથા ફોજદારી કબૂલાત પાત્ર કેસો અને પારિવારિક તકરારોને લગતી અરજીઓમાં પણ બંને પક્ષને યોગ્ય લાભ મળે અને તકરારનો સુખદ ઉકેલ લાવવામાં આવે તે માટે વિસાવદર તાલુકા કાનૂની સેવા સમિતિના ચેરમેન અને મુખ્ય સિવિલ જજ એસ.એસ.ત્રિવેદી દ્વારા છેલ્લા બે મહિનાથી આ અંગે પી.જી.વી.સી.એલ.ના બંને સબ ડીવીઝનના નાયબ ઈજનેરો, બેંકોના મેનેજરો, વકીલ મંડળ તથા પોલીસ વિભાગ સાથે મિટિંગો યોજી જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે તથા અધિક જિલ્લા ન્યાયાધીશ જે.એલ. શ્રીમાળી તથા ફેમિલી જજ પી.વી.શ્રીવાસ્તવ દ્વારા પણ જરૂરી માર્ગદર્શન આપી લોક અદાલતને સફળ બનાવવા માટે પ્રયત્નો થઈ રહેલ છે. ત્રણેય કોર્ટના સ્ટાફ તથા વિસાવદર બારના તમામ વકીલશ્રીઓ દ્વારા પણ અગાઉથી લોક અદાલતમાં મુકવા લાયક કેસો અંગે આગોતોરૂ આયોજન કરી જે પક્ષકારો પોતાનો કેસ આગામી લોક અદાલતમાં રાખવા કે મુકવા માંગતા હોય તેવા પક્ષકારોને પોતાનો કેસ લોક અદાલતમાં રાખવા અંગેની જરૂરી માહિતી પૂરી પાડવામાં આવી રહેલ છે. બેંકો તથા પી.જી.વી.સી.એલ. કંપનીની કચેરીએ તથા પોલીસ કેસોમાં સમાધાન તથા કબુલાત માટેના કેસો માટે તથા પારિવારિક તકરારના કેસો, ભરણપોષણના કેસો, ઘરેલુ હિંસાના કેસો આ ઉપરાંત પતિ પત્ની વચ્ચે ચાલતા તમામ પ્રકારના કેસો, છૂટાછેડા, લગ્ન હક્ક પુરા કરવાના અને જ્યુડિશિયલ સેપ્રેશનના કેસો ઉપરાંત બાળકની કસ્ટડીના કેસો જેમાં વિસાવદર ફેમિલી કોર્ટમાં ચાલતા ભેસાણ, તથા મેંદરડા કોર્ટના કેસો સહિતના કેસોમાં સમાધાન કરી ઉકેલ લાવવા માટે જે તે કચેરીઓનો સંપર્ક કરવા અને વિકલ્પે તાલુકા કાનૂની સેવા સમિતિ, વિસાવદરના સેક્રેટરીશ્રી ચંદુભાઈ ભટ્ટીનો કોર્ટના સમય દરમ્યાન સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવાયું છે.




# ભારતીય જળસીમામાંથી બે બાંગ્લાદેશી માચ્છીમારી બોટ સાથે ૭૮ માચ્છીમારોની ધરપકડ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૨

દરીયાઈ સુરક્ષા બાબતે ઈન્ડીયન કોસ્ટગાર્ડ સુરક્ષા ખૂબ એકટીવ હોય દરેક જગ્યા ઉપર બાજ નજર રાખવામાં આવે છે. ભારતીય કોસ્ટગાર્ડને ભારતીય જળસીમામાં ગેરકાયદેસર રીતે માચ્છીમારી કરતી બે બાંગ્લાદેશી ફીશીંગ બોટ જપ્ત કરવામાં સફળતા મળી છે જેમાં કુલ ૭૮ બાંગ્લાદેશી માચ્છીમારોની પણ અટક કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ઈન્ડીયન કોસ્ટગાર્ડ જહાજ ઈન્ટરનેશનલ મેરીટાઈમ બાઉન્ડ્રી પાસે નિયમિત પેટ્રોલીંગ કરી રહ્યું હતું. તે દરમ્યાન ભારતીય કોસ્ટગાર્ડને ભારતીય દરીયાઈ ઝોનમાં શંકાસ્પદ પ્રવૃત્તિ અંગ માહિતી મળતા સુરક્ષા દળોએ તપાસ હાથ ધરી હતી. જેમાં બાંગ્લાદેશી ફીશીંગ બોટ એફવી લૈલા-૨ અને એફવી મેઘના-૫ ભારતીય વિસ્તારમાં પરવાનગી વગર માચ્છીમારી કરી રહી હોય કોસ્ટગાર્ડ દ્વારા તાત્કાલીક કાર્યવાહી કરી આ બંને બોટને અટકાવી તપાસ કરતા આ બંને બોટ બાંગ્લાદેશમાં નોંધાયેલ હોવાનું જાણવા મળેલ. આ બે બોટમાં ૪૧ અને ૩૭ બાંગ્લાદેશી નાગરીકો હાજર હતા. ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા બન્ને બોટની અટકાયત કરી બોટમાં હાજર ૭૮ માચ્છીમારોને ઝડપી વધુ કાર્યવાહી માટે તમામ માચ્છીમારોને સબંધિત અધિકારીઓને સોંપી આપેલ છે. ભારતીય કોસ્ટગાર્ડને આ એક મોટી સફળતા હાંસિલ થઈ છે. કોસ્ટગાર્ડના અધિકારીએ આ ઓપરેશનને નોંધનીય સફળતા ગણાવતા કહેલ કે આ પગલું માત્ર ભારતીય દરીયાઈ સંપતિની સુરક્ષા માટેનું નથી પરંતુ ગેરકાયદેસર ગતિવિધિઓ ઉપર કડક નજર રાખવાના





ઉદ્દેશ્યથી લેવામાં આવ્યું છે. વધુમાં અધિકારીએ સ્પષ્ટ કહ્યું કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓને રોકવા અને કાબજૂમાં લેવા ભવિષ્યમાં પણ આવી કાર્યવાહી ચાલુ રહેશે.

# જૂનાગઢમાં લગ્ન પ્રસંગમાં રૂા.૩.૯૯ લાખના દાગીનાની ચોરી કરનાર પરપ્રાંતિયની ધરપકડ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢમાં લગ્ન પ્રસંગે પાર્ટી પ્લોટમાંથી રૂા.૩.૯૯ લાખના દાગીનાની ચોરી કરનાર પરપ્રાંતિય શખ્સને તાલુકા પોલીસે ઝડપી લઈ ૨ દિવસનાં રિમાન્ડ ઉપર મેળવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર વડોદરાના ૪૩ વર્ષીય દર્શનાબેન વિરલભાઈ વ્યાસ જૂનાગઢમાં ઝાંઝરડા રોડ વિસ્તારમાં આવેલ દિપાલી પાર્ક રહેતા ભાઈ અજયભાઈ સૂર્યકાંતભાઈ રાજયગુરૂની દીકરી ધાર્મીનાં લગ્ન પ્રસંગે પરિવાર સાથે આવ્યા હતા. ૨૫ નવેમ્બરે જૂનાગઢમાં ઝાંઝરડા ચોકડી પાસે આવેલ વૃંદાવન ફાર્મમાં લગ્ન વિધિ વખતે મામેરામાં ધાર્મીને આપેલા સોનાના ઘરેણા સહિત સોનાનું મંગલસૂત્ર, સોનાની બુટ્ટી, પેન્ડલ, સોનાની માળા, બ્રેસલેટ, વીંટી, સોનાની કાનની કડી, ચાંદીની વીંટી, ઝાંઝરી મળી કુલ રૂપિયા ૩.૯૯ લાખની કિંમતના સોના ચાંદીના દાગીના સાથેની થેલી ચોરાઈ ગઈ હતી. પાર્ટી પ્લોટના સીસીટીવી કેમેરામાં ૨ શખ્સએ રૂપિયા ૩.૯૯ લાખના દાગીનાની થેલી ચોરી હોવાનું માલુમ પડતા ૨૭ નવેમ્બરે મહિલાએ ફરિયાદ નોંધાવતા તાલુકા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી હતી. દરમ્યાન લગ્ન પ્રસંગમાં ચોરી કરતો વિકાસ શલકરામ સાંસીની ધરપકડ કરતા તપાસનીશ તાલુકા પીએસઆઈ એસ. કે. ડામોરે ટ્રાન્સફર વોરંટના આધારે મધ્યપ્રદેશનો વિકાસ શલકરામનો કબજો મેળવી પૂછપરછ માટે શુક્રવાર સુધીના રિમાન્ડ ઉપર મેળવી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે ઈન્ચાર્જ પીઆઈ ડી. કે. સરવૈયાએ જણાવ્યું હતું કે, વૃંદાવન પાર્ટી પ્લોટમાં લગ્ન પ્રસંગ માટે રૂપિયા ૩.૯૯ લાખના ઘરેણા સાથેની થેલીની ચોરી કરનાર આરોપી વિકાસ શલકરામ સાંસી પાસેથી રૂપિયા ૩.૯૨ લાખનો મુદ્દામાલ કબજે લઈ બાકીનો મુદ્દામાલ રિકવર કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢ જુવેનાઈલ કોર્ટે સગીર આરોપીને નિર્દોષ જાહેર કર્યો

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ જીલ્લાના માળીયા હાટીના પોલીસ સ્ટેશનમાં એક ગુનો દાખલ થયો હતો. જેમાં કાયદાના સંઘર્ષમાં આવેલા બાળ આરોપી વિરૂધ્ધ સગીર વયની એક બાળાને લગ્નની લાલચ આપી લલચાવી અને ફરવા લઈ ગયેલ તે દરમ્યાન આ બાળાને શારીરીક છેડછાડ કરવા અંગેનો ગુનો દાખલ થયો હતો. આ કેસ જુવેનાઈલ કોર્ટમાં ચાલી જતાં નામદાર અદાલતે બાળ આરોપીને નિર્દોષ ઠરાવતો ચુકાદો જારી કરેલ છે. આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગત એવા પ્રકારની છે કે, ફરિયાદીની સગીર વયની પપૌત્રીને કાયદાના સંઘર્ષમાં આવનાર બાળકે લલચાવી ફોસલાવી લગ્નની લાલચ આપી અને તેણી સાથે પ્રેમ સંબંધ બાંધી પાણીધ્રા ગામે તથા કીડીવાવ અભ્યારણ્યમાં ફરવા લઈ ગયેલ અને ત્યાં એકાંતમાં મજકુર સગીર ભોગ બનનાર બાળાના શરીરે હાથ ફેરવી અડપલા કરવા અંગેના કૃત્ય અંગે માળીયા હાટીના પોલીસ સ્ટેશનમાં જે-તે સમયે ગુનો દાખલ થયો હતો. દરમ્યાન આ કેસ જૂનાગઢના મહે.પ્રીન્સીપાલ મેજીસ્ટ્રેટ જુવેનાઈલ કોર્ટમાં ફોજદારી કેસ નં.૪૧/૨૦ કેસ ચાલી જતાં બાળ આરોપીના વિદ્વાન વકીલ જયશ્રીબેન ધીરજભાઈ ગોરસીયાની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી અને જુવેનાઈલ કોર્ટના મહે.પ્રીન્સીપાલ મેજીસ્ટ્રેટ દ્વારા બાળ આરોપીને નિર્દોષ જારી કરતો ચુકાદો જાહેર કરવામાં આવેલ છે.

# માણાવદરમાં ચાલતા જુગાર અખાડા પર ક્રાઈમ બ્રાન્ચનો દરોડો : ૭ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

માણાવદર તા.૧૨

માણાવદરના જૂના રેલ્વે સ્ટેશન સામે આવેલ ખખાવી રોડ પર મકાન ભાડે રાખી ચાલતા જુગાર અખાડા પર જૂનાગઢ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે દરોડો પાડતા ૭ જુગારીઓ ૪.૨૩ લાખના મુદ્દામાલ સાથે ઝડપાતા ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માણાવદરના ખખાવી રોડ પર આવેલ રહેણાંક મકાને દરોડો પાડતા મુકેશ લાધાભાઈ કાથરોટીયાએ ભાવનાબેન હરેશભાઈ મકવાણાનું મકાન ભાડે રાખી જુગાર અખાડો ચલાવતા હોવાની બાતમીના આધારે જૂનાગઢ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે દરોડો પાડતા મુકેશભાઈ સહિત કેશવભાલ અરજણભાઈ ઓડેદરા, દિપકભાઈ નાથાભાઈ પરમાર, પ્રવીણભાઈ નારણભાઈ નંદાણીયા, ભનુભાઈ દેવાભાઈ તરખાલા, હરદાસભાઈ એભાભાઈ બારેયા, દેવાભાઈ લીલાભાઈ ઓડેદરાનો રોન પોલીસ નામનો જુગાર રમી રમાડતા રૂા.૧,૦૧,૪૦૦ રોકડ, ૧૧,૦૦૦ નાલના, ૮ મોબાઈલ, ૫ મોટર સાયકલ સહિત કુલ રૂા.૪,૨૩,૪૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ક્રાઈમ બ્રાન્ચના એએસઆઈએ તમામ વિરૂધ્ધ માણાવદર પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ ઈ.ચા. પીઆઈ. વાળાએ તપાસ હાથ ધરી છે.


હાર્દિક શુભેચ્છા....

એક્ટિવ ઓર્થોપેડીક હોસ્પિટલ

ડૉ. નિકુંજ ઠુંમર
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન
+૯૧ ૯૦૯૯૮૮૮૬૧૦

ડૉ. મૌલિક ભાલોડીયા
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન
+૯૧ ૯૦૯૯૮૯૮૬૧૦

માતૃત્વ વુમન્સ હૉસ્પિટલ
DEDICATED TO WOMEN'S HEALTH

ડૉ. ઋજુલબેન ગજેરા ઠુંમર
M.B.B.S., M.B.D.G.O. ગાયનેક (સ્ત્રી રોગ નિષ્ણાત)
સ્ત્રી રોગ, પ્રસુતિ તથા વંધ્યત્વ નિષ્ણાંત
+ ૯૧ ૭૦૧૬૪૨૨૯૮૦
આસ્થા કોમ્પલેક્ષ, કાકા કોમ્પલેક્ષની બાજુમાં, ઝાંસીની રાણીના પુતળાની સામે, સરદાર બાગ, જૂનાગઢ



:: હાર્દિક શુભકામના ::

| બાબુભાઈ | સંદિપભાઈ |
|---|---|
| મો. ૭૪૩૩૮ ૦૩૫૩૫ | મો. ૯૪૨૬૮ ૩૩૮૧૧ |

મીઠાઈઓની મીઠાશ...એટલે...

મુરલીધર ડેરી ફાર્મ





અંબા આર્કેડ, એમ.જી. રોડ, જેનીલી શોપીંગ સેન્ટરની પાસે, જૂનાગઢ





